# આત્મધર્મ

## વર્ષ ૨૯

## સળંગ અંક ૩૪૨

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Aug 2005 | First electronic version. |

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૪૨

## સર્વજ્ઞભગવાનના કહેણ આવ્યા છે

ચૈતન્યતત્ત્વના ગંભીર મહિમાનું અદ્‌ભુત સ્વરૂપ સમજાવતાં ગુરુદેવ અત્યંત પ્રમોદથી કહે છે કે વાહ! આ તો મોક્ષદશાને વરવા માટે સર્વજ્ઞભગવાનનાં કહેણ આવ્યા છે. ચૈતન્યના અનંતગુણની શુદ્ધતારૂપી અનંતા કરિયાવર (આત્મવૈભવ) સહિત મોક્ષલક્ષ્મીને વરવા માટે ભગવાનનું આ કહેણ આવ્યું છે કે હે જીવ! તું આવા ચિદાનંદ સ્વરૂપને લક્ષમાં લઈને તેની લગની લગાડ. ચૈતન્યસ્વરૂપનો નિર્ણય કરીને તેની સાથે લગન કરતાં, તેમાં ઉપયોગને જોડીને સ્વાનુભવ કરતાં અપૂર્વ આનંદસહિત તને મોક્ષની પ્રાપ્તિ થશે.

"અહા! ગુરુદેવ! આપ ભગવાન પાસેથી મોક્ષની પ્રાપ્તિનું કહેણ લાવ્યા છો... તે ઉત્તમ કહેણને અમે અંતરના આનંદથી સ્વીકાર્યું છે. ભગવાનના કહેણને કોણ ન સ્વીકારે?

તંત્રી : **પુરુષોતમદાસ શિવલાલ કામદાર** સંપાદક : **બ્ર. હરિલાલ જૈન**
વીર સં. **૨૪૯૮ ચૈત્ર** (લવાજમ: **ચાર રૂપિયા**) વર્ષ **૨૯** : અંક **૬**

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)




## 卐 ભગવાન મહાવીર 卐

અહો વીરનાથ! આપ અમારા પરમ દેવ છો. ચૈત્ર સુદ તેરસે આ સંસારચક્રનો છેલ્લો અવતાર પૂરો કરીને, ચૈતન્યની આરાધના વડે આપે આત્માને તો ઉજ્વળ કર્યો, ને ચૈત્ર સુદ તેરસને પણ ઊજળી કરી. દર વર્ષે ચૈત્ર સુદ તેરસ આવે છે ને આપની ચૈતન્યઆરાધનાને જગત યાદ કરે છે. આ વખતે તો વાંકાનેરમાં ચૈત્ર સુદ તેરસે કોઈ અપૂર્વ ભાવે હે નાથ! આપની ચૈતન્યસાધનાને યાદ કરીએ છીએ...ને આત્મામાં જાણે આપનો સાક્ષાત્કાર થાય છે.

અહો, વહાલા વીરનાથ! કેવો છે આપનો માર્ગ! આપનો માર્ગ એ વીરનો માર્ગ છે. મહા આનંદદાયક એ વીરમાર્ગ અમારા મહાન ભાગ્યે ગુરુકહાન આજે પ્રકાશી રહ્યા છે. ૩૭ વર્ષ પહેલાં સોનગઢમાં સં. ૧૯૯૧ ચૈત્ર સુદ તેરસે કહાનગુરુએ આપના સત્યમાર્ગને પ્રસિદ્ધિમાં મુક્યો ને આજ સાડત્રીસ વર્ષથી તેઓશ્રી વીરમાર્ગના મધુરા વહેણ ભારતમાં વહાવી રહ્યા છે. અહા! વીરમાર્ગના આ મધુરા વહેણ અમારા આત્માને પાવન કરે છે...

પ્રભો! પ્રિયકારિણી–ત્રિશલામૈયાની કુંખે અવતરીને આત્મસાધનાવડે આપે આપના અવતારને સફળ કર્યો...ને આપના માર્ગને પામીને અમારો અવતાર પણ સફળ થયો. કેમકે–

હે વીરનાથ! અમે પણ આપનાં જ સંતાન છીએ, ને આપના જ માર્ગમાં ચાલ્યા આવીએ છીએ.

जय महावीर

# જ્ઞાનરસનું ઘોલન

સાધકને અંતરમાં જ્ઞાનરસનું ઘોલન સદાય ચાલતું હોય છે. જ્ઞાનરસ, આત્મરસ, એટલે ચૈતન્યરસના આનંદનો રસ, તેમાં રાગનો જરાય સ્પર્શ નથી, રાગ સાથે એને કાંઈ લાગતું-વળગતું નથી. જ્ઞાયકસ્વભાવમાં જ્ઞાનપરિણતિની એકતા થઈ, ને જ્ઞાનરસ રાગથી ભિન્નપણે સ્વાદમાં આવ્યો, તે જ્ઞાનમાં કેવળજ્ઞાન આવી ગયું, તેમાં મોક્ષમાર્ગ આવી ગયો, તેમાં આખો જ્ઞાનસ્વભાવ આવી ગયો. સ્વસન્મુખ થઈને આત્મા પોતે જ્ઞાનરસરૂપ પરિણમ્યો તેમાં આત્માનું બધું માપ આવી ગયું; અનંતગુણોનો સ્વાદ તેમાં સમાઈ ગયો. તે જ્ઞાનની જાતવડે કેવળજ્ઞાનનો ને અખંડસ્વભાવનો નિર્ણય આવી ગયો. એ નિર્ણયની તાકાત રાગમાં-વિકલ્પમાં નથી. વિકલ્પનો એક અંશપણ જ્ઞાનરસમાં સમાતો નથી. વિકલ્પને વ્યવહાર ગણીને તેને જેઓ આત્માના અનુભવનું સાધન બનાવવા માંગે છે તેઓ મોટી ભૂલમાં પડેલા છે. બાપુ! તારા જ્ઞાનની જાત વિકલ્પથી તદ્દન જુદી જ છે. એનું ભેદજ્ઞાન કરીને રાગથી જુદો પડ, તો જ્ઞાનવડે આત્માની સાધના થાય ભાઈ, જ્ઞાનસ્વભાવનો અનુભવ તો જ્ઞાનવડે જ થાયને!-કાંઈ રાગવડે જ્ઞાનનો અનુભવ ન થાય. જેમ જડ અને ચેતનની જાત જ જુદી છે, તેમ રાગ અને જ્ઞાનની જાત જ જુદી છે. રાગથી ભિન્ન એકલા ચૈતન્યના અતીન્દ્રિય જ્ઞાનરસના ઘોલનમાં જ મોક્ષનો માર્ગ સમાય છે. અહા, જ્ઞાનરસનો સ્વાદ અતીન્દ્રિય આનંદથી ભરેલો છે,-આત્માનો આવો સ્વાદ આવે ત્યારે મોક્ષમાર્ગ ખૂલે ને ત્યારે જીવ ધર્મી થાય. જ્ઞાનરસના ઘોલનમાં પરમ અદ્ભુત શાંતિ છે.

[ રાજકોટમાં અંતરના ઘોલનના ગુરુદેવના ઉદ્ગાર ]

# આત્માને સાધવાની રીત

## આત્મરાજાની સેવા વડે જ આત્મા સધાય છે; રાગની સેવા વડે આત્મરાજા રીઝતા નથી.

[ રાજકોટ શહેરના પ્રવચનોમાંથી સમયસાર ગા. ૧૭–૧૮ ]

દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ આત્મા છે, તે ‘રાજા’ છે, એટલે કે સ્વરૂપની શ્રેષ્ઠ લક્ષ્મીથી તે શોભાયમાન છે; આવા ચૈતન્યરાજાને ઓળખીને–શ્રદ્ધીને મોક્ષાર્થી જીવે તેની સેવા કરવી.

જે જીવ મોક્ષાર્થી છે તેની આ વાત છે. મોક્ષાર્થી એટલે આત્માનો એકનો જ અર્થી, બીજાનો અર્થી નહીં. જે સંસારનો અર્થી છે તે મોક્ષનો અર્થી નથી. જે રાગનો–પુણ્યનો–વૈભવનો અર્થી છે તે આત્માનો અર્થી નથી; જગતને સારૂં લગાડવાનો કે જગત પાસેથી માન લેવાનો જે અર્થી છે તે આત્માનો અર્થી નથી. અહો, જે આત્માર્થી થયો છે, જેને એક આત્માર્થ સાધવાનું જ કામ છે, બીજી કોઈ ભાવના નથી, એવો જીવ પોતાના ચિદાનંદસ્વરૂપ આત્માને જાણીને તેને જ સેવે છે. આત્માનો જ અર્થી થઈને આત્માને સેવતાં જરૂર આત્માના આનંદની પ્રાપ્તિ થાય છે.

જેને હવે સંસારના ઝેર ઉતારી નાખવા છે ને મોક્ષસુખનાં અમૃતનો સ્વાદ ચાખવો છે તે જીવો સ્વાનુભૂતિવડે પોતાના શુદ્ધઆત્માને જ સેવે છે.

જુઓ, પહેલેથી જ સ્વ–આત્માને સેવવાની વાત કરી; પરની સેવાની વાત ન કરી. પહેલાં દેવ–ગુરુ–શાસ્ત્રની સેવાથી આત્માની પ્રાપ્તિ થશે એમ ન કહ્યું; પહેલેથી જ આત્માને જાણવાની–એટલે કે અનુભવવાની વાત કરી છે. આવા આત્માને જાણવો અનુભવવો તે જ દેવ–ગુરુ–શાસ્ત્રની સેવા છે કેમકે દેવ–ગુરુ–શાસ્ત્રોએ આત્માનો અનુભવ કરવાનું જ કહ્યું છે.

આત્માને જાણવો–શ્રદ્ધવો–અનુભવવો ત્રણે એક સાથે થાય છે, તે આત્માનું સેવન છે. ભાઈ ! આવો મનુષ્ય અવતાર પામીને તારા આત્માનો પરમ આનંદ

પ્રગટ કરવા માટે તું તારી પર્યાયવડે તારા અખંડ આત્માનું સેવન કર. એને સેવતાં અનંત ગુણનાં નિધાન આપે–એવો આ ચૈતન્યરાજા છે.

પરવસ્તુ તો જુદી છે, એટલે એની સેવાની વાત ન લીધી; રાગની સેવાની વાત ન લીધી, રાગને તો અનાદિથી સેવી–સેવીને દુઃખી થઈ રહ્યો છે; ક્ષણિકપર્યાયને કે ગુણભેદને પણ સેવવાનું ન કહ્યું કેમકે તે ભેદમાં આખો આત્મા અનુભવમાં આવતો નથી. માટે ભેદના વિકલ્પોથી પાર જે જ્ઞાનાનંદ એકસ્વરૂપ–તેને જ્ઞાનમાં–શ્રદ્ધામાં લઈને અનુભવવો, એ જ ચૈતન્યરાજાની સાચી સેવા છે, તે જ મોક્ષ માટેની આરાધના છે.

અહા, આત્મા પોતે આખોય ચૈતન્યસ્વરૂપ તો છે જ; પણ 'હું આવો છું' એવી અનુભૂતિ તેણે કદી કરી નથી તેથી તેણે જ્ઞાનસ્વરૂપ આત્માને કદી સેવ્યો જ નથી. સત્સમાગમે બોધિ પામીને, મોહગ્રંથિ તોડીને જ્યારે સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ કરે ત્યારે જ જ્ઞાનસ્વરૂપ આત્માની સાચી સેવા થાય. આવા આત્માની સેવા (જ્ઞાન, શ્રદ્ધા, અનુભૂતિ) સિવાય બીજા કોઈ ઉપાયે મોક્ષની સિદ્ધિ થતી નથી. માટે મોક્ષાર્થી જીવોએ આત્માને ઓળખીને તેનું જ સેવન કરવું.

અહીં આત્માને 'જાણવાનું' કહ્યું–તે સાધારણ પરલક્ષી જાણપણાની વાત નથી, પણ અંતરના સ્વાનુભવસહિતના જાણપણાની વાત છે. ખરેખર જાણ્યું જ તેને કહેવાય કે તેની શ્રદ્ધા કરીને અનુભવ પણ કરે. અનુભૂતિ વગરનું જાણપણું તે સાચું જાણપણું નથી.

બાપુ! તારે આ ધગધગતા–ભડભડતા સંસારમાંથી બહાર નીકળીને ચૈતન્યની અપૂર્વ શાંતિ જોઈતી હોય તો તું આત્માનો અર્થી થઈને તેને અનુભવમાં લે. આત્મા સિવાય બીજું તો કોઈ આ કષાયના ધગધગતા અગ્નિથી બચવાનું સ્થાન નથી. અજ્ઞાનથી જીવ કષાયઅગ્નિમાં સળગી રહ્યો છે. એકવાર એક સર્પ કંદોઈના તેલના ધગધગતા કડાયામાં પડયો ને અર્ધો તેલમાં સેકાઈ ગયો... તેની બળતરાથી છૂટવા ત્યાંથી કુદ્યો...પણ કુદીને ક્યાં જવું તેના ભાન વગર, કુદીને અગ્નિના ભઠ્ઠામાં જ જઈ પડયો! અરે! અર્ધો બળ્યો...તે બળતરાથી છૂટવા તરફડિયા તો માર્યા, પણ ભાનનો ભૂલેલો અર્ધો બળેલો તે પાછો અગ્નિમાં જ જઈને પડયો ને પૂરો બળ્યો.

તેમ સંસારીજીવો અજ્ઞાનથી મોહભ્રાંતિથી દુઃખી–દુઃખી થઈ રહ્યા છે, દુઃખમાં બિચારા તેલના કડાયામાં પડેલા સર્પની માફક સેકાઈ રહ્યાં છે...તેનાંથી છૂટવા તો

માગે છે....પણ ક્યાં સ્થાને જવાથી દુઃખથી છૂટાશે એની ખબર નથી, ને અજ્ઞાનથી રાગમાં–પુણ્યમાં સુખ માનીને પાછા સંસારના દાવાનળમાં જ સળગી રહ્યા છે. તેને છોડાવવા કરુણા કરીને સંતો શાંતિની રીત બતાવે છે.

પ્રભો! આ સંસારના ઘોર કષાયદુઃખોથી છૂટવા તું જ્ઞાન–આનંદના ધામ એવા તારા આત્માને ઓળખીને તેની સેવા કર. જેને ઓળખતાં, જેની સામે નજર કરતાં જ એવા આનંદનું સ્ફૂરણ થશે કે વિકલ્પોની ને દુઃખોની ઇન્દ્રજાળ તરત જ અલોપ થઈ જશે. તારે તારા આનંદનું સ્વરાજ્ય જોઈતું હોય તો તારા ચૈતન્યરાજાને જ તારો મત આપજે....બીજા કોઈને તારો મત આપીશ નહિ. મત એટલે મતિ....બુદ્ધિ; તારી બુદ્ધિને તારા ચૈતન્યતત્ત્વના પરમ મહિમામાં જોડજે. અહા! મારું ચૈતન્યતત્ત્વ, તે જ સૌથી ઉત્કૃષ્ટ છે, એનાથી ઊંચું બીજું કોઈ નથી–કે જેને હું મારો મત આપું. આ રીતે ધર્મી પોતાની મતિના મતને પોતાના સ્વભાવમાં જ જોડે છે, તેનો જ આદર–પ્રેમ–બહુમાન કરીને અનુભવમાં લ્યે છે.

અહા, મારા ચૈતન્યના આનંદનું સ્ફૂરણ થતાં જ વિકલ્પોની જાળ તત્ક્ષણ અલોપ થઈ જાય છે. ચેતના જ્યાં વિકલ્પોથી અત્યંત જુદી પડી ગઈ–આવી ચેતનાસ્વરૂપ આત્મા હું છું.–એમ ધર્મી પોતાને અનુભવે છે.

સુખી થવું હોય તેણે શું કરવું? કે સુખી થવું હોય તેણે પ્રથમ જ આનંદસ્વરૂપ આત્માને જાણવો. मोक्षार्थिना प्रथममेव आत्मा ज्ञातव्यः....' મોક્ષાર્થીએ પ્રથમ જ આત્માને જાણવો.–જાણ્યો ત્યારે જ કહેવાય કે જેને જાણવો છે તેની સન્મુખ થઈને તેનો અનુભવ કરે. અતીન્દ્રિય જ્ઞાનવડે આવો આત્મા જણાય છે, ને એને જાણતાં જ અતીન્દ્રિય આનંદ સહિત અનંતગુણની શુદ્ધતાનો અનુભવ થાય છે. અહા, આવા અનંત સામર્થ્યની ખાણ ચૈતન્યપ્રભુ તું પોતે! તું તારું જ સેવન કર. આત્માની સન્મુખ થઈને જ્ઞાન–શ્રદ્ધાન–અનુચરણરૂપ સેવા કરતાં આત્મા સ્વયં મોક્ષરૂપ પરિણમે છે. આ જ રીતે સાધ્યની સિદ્ધિ છે; બીજી કોઈ રીતે સાધ્યની સિદ્ધિ નથી.

આત્માના જ્ઞાનપૂર્વક તેનું શ્રદ્ધાન અને આચરણ થાય છે. જાણ્યા વગર શ્રદ્ધા કોની? ને ઠરવું શેમાં? આત્માને જાણતાં જ્ઞાતા–જ્ઞેયના ભેદનો વિકલ્પ પણ રહેતો નથી, જ્ઞાન તો વિકલ્પથી પણ પાર છે. જ્ઞાન અને શ્રદ્ધા તથા તે કાળે નિર્વિકલ્પ અનુભૂતિ–એ બધું એકસાથે જ છે. પ્રથમ આત્માને જાણવો ને પછી શ્રદ્ધવો

એમ કહેવામાં જ્ઞાન–શ્રદ્ધાનો કાળભેદ નથી બતાવવો, પણ જ્ઞાનપૂર્વક શ્રદ્ધા બતાવવી છે. ચૈતન્યનો જેવો અનંત–અચિંત્ય મહિમા છે તેવો જ્ઞાનમાં બરાબર લઈને તેની શ્રદ્ધા થાય છે, માટે કહ્યું કે પ્રથમ જાણીને તેની શ્રદ્ધા કરવી. આવા જ્ઞાન–શ્રદ્ધાન–પૂર્વક જ આત્મા નિઃશંકપણે પોતાના સ્વરૂપમાં ઠરે છે ને તેને શુદ્ધ આત્માની સિદ્ધ થાય છે.

આત્માનું પૂર્ણસ્વરૂપ જ્ઞાનમાં જ્યાં આવ્યું ત્યાં જ તેની શ્રદ્ધા થઈ જાય છે કે 'આ....હું!'–એમ સ્વસંવેદનપૂર્વક જ્ઞાન ને શ્રદ્ધા એક સાથે જ પ્રગટે છે.–આનું નામ આત્માની સેવા.–આવી સેવા વડે ચૈતન્યરાજા પ્રસન્ન થાય છે એટલે કે મોક્ષ સધાય છે.

આત્માનો જે અર્થી થયો તે જીવને સીધો જ આત્માને અનુભવ કરવાનું કહ્યું છે. પહેલાં નિર્ણય કરવો ને પછી અનુભવ કરવો–એવા બે ભેદ નથી લીધા. સત્ય આત્માનું જ્ઞાન, નિર્ણય ને અનુભવ–એક સાથે જ છે. ચૈતન્યઅનુભૂતિ તે જ આત્મા છે. ચૈતન્યપણે જે સદા સૌને અનુભવમાં આવે છે, તે ચૈતન્યસ્વરૂપ જ આત્મા છે. 'આ ચૈતન્યપણે જે સદા સૌને અનુભવમાં આવે છે, તે ચૈતન્યસ્વરૂપ જ આત્મા છે. 'આ ચૈતન્ય....ચૈતન્ય....' એમ ચેતન્યભાવપણે જે અનુભવાય છે તે જ હું છું–એમ ચૈતન્યસ્વરૂપ આત્માને જાણીને તેની શ્રદ્ધા કરવી; ને નિઃશંકપણે ચૈતન્યપણે જ પોતાને અનુભવવો,–આ આત્મરાજાને સેવવાની રીત છે. આવી સેવા વડે મોક્ષની સિદ્ધિ થાય છે.

ચૈતન્યભાવ રાગાદિથી છૂટો પડીને એમ અનુભવાયું કે 'આવો ચૈતન્યભાવ હું'–આમ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનથી અનુભવ થયો તે મોક્ષને સાધવાની અપૂર્વ કળા છે. આ તો અનુભવ માટે તૈયાર થયેલો છે એવા મોક્ષાર્થી જીવની વાત છે. મહા મોક્ષસુખ–જે અનંતકાળ ટકી રહે, તેનો ઉપાય પણ અલૌકિક જ હોય ને! એ કાંઈ સાધારણ શુભરાગના ભાવથી પમાઈ જાય–એવું નથી. આત્માનું જેવું મહાન સ્વરૂપ છે તેવું જ્ઞાનમાં આવે તો જ તે સધાય જેવડો મહાન છે તેવડી મહાન ન માનતાં કંઈ પણ ઓછું માને, તેને રાગવાળો માને, પર સાથે સંબંધવાળો માને તો સાચો આત્મા તેના જ્ઞાનમાં ન આવે, જ્ઞાન વગર એની સાચી શ્રદ્ધા પણ ન થાય, અને વસ્તુના જ્ઞાન–શ્રદ્ધાન વગર તેમાં ઠરવારૂપ આચરણ પણ થઈ શકે નહિ.–આ રીતે આત્માને જાણ્યા વગર સાધ્યની સિદ્ધિ થતી નથી.

ચૈતન્યસ્વરૂપ તે આત્માનું અબાધ્ય સ્વરૂપ છે, તેને આત્મામાંથી બાદ કરી શકાય નહિ. બીજું બધું આત્મામાંથી બાદ કરી શકાય, શરીર–મન–વાણી–દેવ–ગુરુ–

શાસ્ત્ર–રાગના વિકલ્પો એ બધાયને બાદ કરતાં, તેમના વગર પણ આત્મા ટકી રહે છે, પણ ચૈતન્ય ભાવ વગર આત્મા ટકી શકે નહિ; આ રીતે બધું બાદ કરતાં છેવટે ચૈતન્યભાવપણે જે અનુભવાય છે તે જ હું છું,–આમ અનુભવ કરવો તે આત્મપ્રાપ્તિની રીત છે. આત્મા એવી વસ્તુ છે કે ચૈતન્યપણે જ તે અનુભવમાં આવે છે, બીજા કોઈ ભાનથી અનુભવવા માગે તો આત્મા અનુભવમાં આવી શકે નહીં.

ભાઈ, આ તો મોક્ષના દરવાજામાં પ્રવેશવાની વાત છે. ચૈતન્યમહારાજાને મળવાની વાત છે. –હું કોઈ નોકર કે માગણ નથી, પણ ચૈતન્યરાજા હું પોતે જ છું–એમ રાજા થઈને પોતે પોતાને સેવવાની આ વાત છે. અરે, આત્માનો અનુભવવા માટે રાગની મદદ માગવી એ તે કાંઈ ચૈતન્યને શોભે છે? મારે કોઈકની મદદ જોઈએ, મારે રાગ જોઈએ–એમ જે દીનતા કરે છે તે તો કાયર છે, એવા કાયર જીવો આત્મરાજાને ભેટી શક્તા નથી, તેને અનુભવી શક્તા નથી. આ તો શૂરવીરોનું કામ છે; વીતરાગનો માર્ગ એ શૂરવીરનો માર્ગ છે.–મને મારા આત્મઅનુભવમાં પરનો આશ્રય છે જ નહીં, વિકલ્પનો આશ્રય મને નથી. સ્વાધીનપણે મારી ચેતનાવડે જ હું મારા આત્માને અનુભવું છું.–આવા અનુભવવડે મોક્ષના દ્વારમાં પ્રવેશ થાય છે.

અનુભૂતિ થતાં ભાન થયું કે ‘આ ચૈતન્યસ્વરૂપ આત્મા હું છું’ પર્યાયમાં જ્ઞાન–રાગ આદિ અનેક ભાવો મિશ્ર છે, પણ તેમાં વિવેકબુદ્ધિવડે, એટલે ભેદજ્ઞાનની અત્યંત સૂક્ષ્મતા વડે બીજા બધા ભાવોને જુદા પાડીને જે આ એકલા ચૈતન્યભાવપણે પરમ શાંત તત્ત્વ અનુભવાય છે–તે જ હું છું–એમ આત્મજ્ઞાન થાય છે; આવા આત્મજ્ઞાનમાં જેવો આત્મા જણાયો તે જ હું છું એમ નિઃશંક શ્રદ્ધા થાય છે; આવા જ્ઞાન અને શ્રદ્ધાપૂર્વક આત્મામાં ઠરતાં આત્માની સિદ્ધ થાય છે.

મારા આત્માનો આવો અનુભવ કરવો તે કાંઈ અશક્ય નથી, તે શક્ય છે–થઈ શકે તેવું છે, ને તે જ મારે કરવાનું કામ છે.–આવા સ્વીકારપૂર્વક ચૈતન્યસ્વરૂપ આત્માનો અનુભવ થઈ શકે છે. ધર્મીને એવો અનુભવ થયો છે.–પહેલાં પણ આત્મા તો આવો અનુભૂતિ સ્વરૂપ જ હતો, કાંઈ પરભાવરૂપ થયો ન હતો, પણ અજ્ઞાનદશામાં પોતાને રાગાદિભાવરૂપે જ માનીને તેને જ સેવતો હતો, રાગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્માને કદી એક ક્ષણ પણ સેવ્યો ન હતો. હવે પરભાવથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્માનું ભાન કર્યું ત્યારે અપૂર્વ જ્ઞાન–શ્રદ્ધા–આચરણ પ્રગટયા, ને ત્યારે તેણે જ્ઞાનસ્વરૂપ આત્માની સેવા કરી. એટલે તેને સાધ્ય આત્માની સિદ્ધિ થઈ, તેને મોક્ષમાર્ગ પ્રગટયો. તે જાણે

છે કે અહો! અમે આવા ચૈતન્યસ્વરૂપ જ છીએ; તેને જાણીને હવે સતતપણે અનંત ચૈતન્યચિહ્નપણે જ અમે અમને અનુભવીએ છીએ. ચૈતન્યસ્વરૂપ આત્માની આવી અનુભૂતિથી ઊંચું બીજું કાંઈ નથી. આવી અનુભૂતિવડે અમારા સાધ્ય આત્માની અમને સિદ્ધિ થઈ છે. બીજા કોઈ ઉપાય વડે સાધ્ય આત્માની સિદ્ધિ થતી નથી.

રાગમાં જેને એકત્વબુદ્ધિ છે તે રાગથી જુદો પડીને ચૈતન્યમાં ઠરવાની તાકાત ક્યાંથી લાવશે? હજી રાગથી જુદા ચૈતન્યને જે જાણતો જ નથી તે તેને સાધશે ક્યાંથી? આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે; આબાળ–ગોપાળ બધાય જીવો જ્ઞાનસ્વરૂપ જ છે, ભગવાન આત્મા તો પોતે સદાય જ્ઞાનપણે જ અનુભવાય છે.–પણ 'આ જ્ઞાન છે તે હું છું' એમ તે જાણતો નથી ને રાગાદિ ભાવો સાથે ભેળસેળરૂપે પોતાને અનુભવે છે, તેથી તે જીવો રાગથી ભિન્ન એવા સાધ્ય આત્માને સાધી શકતા નથી. પરભાવોથી ભિન્ન, ચેતનાસ્વરૂપ આત્માનો અનુભવ તે જ આત્માને સાધવાની રીત છે.

[ આ લેખના બીજા ભાગ માટે જુઓ પાનું : ૧૬ ]

## ❁ આત્માનું અસ્તિત્વ ❁

પ્રશ્નઃ–સમ્યગ્દ્રષ્ટિ પોતાના આત્માને કેવો માને છે?–જો શુદ્ધ માને છે તો, જે વિકારી અવસ્થા હોય છે તેનું શું?

ઉત્તરઃ–સમ્યગ્દ્રષ્ટિએ પોતાના આત્મામાં શુદ્ધસ્વભાવ, અને પર્યાયની શુદ્ધતા–અશુદ્ધતા એમ બધા પડખાંને જાણ્યા છે; શુદ્ધસ્વભાવનો અનંત–અચિંત્યમહિમા તેના સ્વાનુભવમાં ભાસ્યો છે, ને એને જ 'સ્વ' તરીકે 'આ હું' એમ સ્વીકાર્યો છે. એ સ્વભાવ પાસે વિકાર તે સ્વજાત નથી–એમ તે સ્પષ્ટ અનુભવે છે. એટલે વિકાર હોવા છતાં ધર્મીજીવ સ્વભાવદ્રષ્ટિથી પોતાને શુદ્ધ જ અનુભવે છે, તે અનુભુતિમાં છે, તે અનુભૂતિમાં તો વિકારનો પ્રવેશ નથી. ધર્મીને પર્યાયમાં કાંઈ એકલી અશુદ્ધતા નથી, અનંતગુણની શુદ્ધતા પણ વર્તે છે. અશુદ્ધતાથી જુદું પોતાનું સત્‌પણું તે દેખે તે છે.

જ્યારે અજ્ઞાનીને તો અશુદ્ધિ અને વિકારથી વિશેષ બીજું શુદ્ધ અસ્તિત્વ આસ્વાદમાં જ આવ્યું નથી, વિકારથી જુંદું પોતાનું કાંઈ સત્‌પણું તેને દેખાતું જ નથી, એટલે વિકારી આત્મા જ તેને ભાસે છે. એકલા વિકારમય આત્માની અનુભૂતિ તે મિથ્યાત્વ છે. * [ રત્નસંગ્રહ ભાગ–૨ ]

# પંચરત્ન દ્વારા આત્માના પરમસ્વભાવની ભાવના

[ શ્રી નિયમસાર પરમાર્થ-પ્રતિક્રમણઅધિકાર ગાથા ૭૭ થી ૮૧ ]

પરમાર્થપ્રતિક્રમણના આ પાંચ રત્નોદ્વારા સમસ્ત પરભાવથી રહિત એવા આત્માના પરભાવની ભાવના ભાવે છે. પરભાવનો જેમાં અભાવ છે એવા સહજ ચૈતન્યવિલાસસ્વરૂપ આત્માને જાણીને તેની ભાવનામાં એકાગ્ર થતાં સમસ્ત પરભાવોનું પ્રતિક્રમણ થઈ જાય છે. આવા આત્માની ભાવના વગર પરભાવોનું સાચું પ્રતિક્રમણ થાય નહીં. માટે શરૂઆતમાં જ આત્માના પરમ સ્વભાવમાં સર્વે પરભાવોના કર્તૃત્વનો અભાવ બતાવે છે. હું સહજ ચૈતન્યવિલાસરૂપ છું, નારકાદિ વિભાવપર્યાયો મારામાં નથી, તેનો હું કર્તા નથી.

નારકાદિ પર્યાયો, માર્ગણાસ્થાનો–ગુણસ્થાનો–જીવસ્થાનોરૂપ અશુદ્ધદશાઓ, બાળ–વૃદ્ધ–યુવાનદશાઓ, રાગ–દ્વેષ–મોહ કે ક્રોધ–માન–માયા–લોભ,–એ સમસ્ત પરભાવોનું કર્તૃત્વ મારા પરમ સ્વભાવમાં નથી. અહા, એકકોર એકલો પરમસ્વભાવ, બીજી કોર સમસ્ત પરભાવો; જ્યાં સહજ પરમસ્વભાવની સન્મુખ થઈને તેની ભાવના કરી ત્યાં સમસ્ત પરભાવનો તેમાં અભાવ છે.–આવું સહજ ચૈતન્યતત્ત્વ હું છું–એમ ધર્મીજીવ પોતાના શુદ્ધતત્ત્વને ભાવે છે.–આવી ભાવના તે મોક્ષનું કારણ છે.

અંતર્મુખ થઈને જે પરમ સ્વભાવમાં આવ્યો તે પરભાવોથી પાછો ફર્યો.–એને શુદ્ધાત્મા કહેવાય, ને એણે પરમાર્થપ્રતિક્રમણ કર્યું. જે ‘હું’ નથી તેનું કર્તૃત્વ મને કેમ હોય? હું તો સહજ ચૈતન્ય પરમભાવ છું ચૈતન્યના પરમભાવની અનુભૂતિમાં કોઈ પરભાવ છે જ નહીં, માટે મને તે કોઈ ભાવોનું કર્તૃત્વ નથી, તેનો કરાવનાર કે અનુમોદન પણ હું નથી–આવો અનુભવ કરનાર ધર્મીને સાચું પ્રતિક્રમણ છે પરભાવોમાં ઊભો રહીને તેનું પ્રતિક્રમણ કેમ થાય? સ્વભાવમાં જે આવ્યો તે પરભાવથી પાછો ફર્યો. ધર્મી, નરકગતિમાં રહેલો હોય તે પણ, પોતાના આત્માને નરકાદિ વગરનો શુદ્ધ સ્વભાવરૂપે સ્વીકારે છે; તેની શ્રદ્ધામાં એમ નથી કે હું નારકી છું; તે તો પોતાને સહજ ચૈતન્યસ્વરૂપે જ સ્વીકારે છે; ને તે ચૈતન્યભાવમાં નારકાદિ ભાવનો

અભાવ છે. ધર્મી શુદ્ધચેતનભાવ નરકાદિ ચારગતિને બાંધે પણ નહિ ને તેને ભોગવે પણ નહિ. ચારગતિના કારણરૂપ શુભાશુભભાવો જ ચેતનામાં ક્યાં છે?

સમ્યગ્દ્રષ્ટિને અભેદ આત્માની જે અનુભૂતિ છે તેમાં ચારગતિ કે તેના કારણરૂપ ભાવો તો નથી, તેમજ જ્ઞાનમાર્ગણાના ભેદો વગેરે ભેદો પણ તે અનુભૂતિમાં નથી; તે અનુભૂતિમાં તો એક સહજ ચૈતન્યવિલાસરૂપ આત્મા જ પ્રકાશે છે. ધર્મીને ભેદના વિકલ્પોનું ગ્રહણ નથી, તેણે તો પોતાના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપમાં જ ચિત્તને એકાગ્ર કર્યું છે; એટલે શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાય સિવાયના સમસ્ત પરભાવોનો પરિગ્રહ તેને નથી. આ રીતે નિજભાવોથી ભિન્ન સકલ અન્યભાવોને છોડીને તે અલ્પકાળમાં મુક્તિ પામે છે.

ધર્મીનો ધ્યેય કેવો આત્મા છે તેનું આ વર્ણન છે, આવા આત્માને જાણીને તેના અનુભવમાં ચિત્તને જોડયું ત્યાં સર્વે પરભાવોથી પ્રતિક્રમણ થઈ ગયું. આવા આત્માના ગ્રહણ વગર પરભાવનો ત્યાગ થાય નહીં. ઈન્દ્રિયો મારામાં છે જ નહિ–ત્યાં ઈન્દ્રિયોનું આલંબન કેવું? ઈન્દ્રિયાતીત જ્ઞાનવડે જે જાણવામાં આવે એવો હું છું. આવા આત્મામાં ઉપયોગ જોડતાં જ્ઞાનમાં ભેદ–વિકલ્પ રહેતા નથી, અભેદ અનુભૂતિ જામે છે આવી અનુભૂતિ જામી ત્યાં અતીન્દ્રિય આનંદનું વેદન છે. આત્મા પોતે પોતામાં જામી ગયો....લીન થયો, ત્યાં કોઈ પરભાવ તેમાં ન રહ્યા. આવી પરિણતિરૂપે આત્મા પરિણમે તેને પરમાર્થ પ્રતિક્રમણ કહેવાય છે.

પરિણતિ પોતાના અકષાયસ્વભાવમાં અભેદ થઈને પરિણમિ ત્યાં તેમાં કષાય કેવો? ને દુઃખ કેવું? એમાં જન્મ–મરણ કેવા? ને શરીર કેવું? દ્રવ્યમાં કષાય નથી–એવું સ્વીકારનારી દ્રષ્ટિમાં પણ કષાય નથી; એટલે દ્રવ્ય ને પર્યાય બંને શુદ્ધ છે.–આવા સ્વતત્ત્વને ધર્મી અનુભવે છે; પછી પર્યાયમાં કાંઈક રાગાદિભાવો રહે તેને તો ખરેખર પરજ્ઞેયપણે જાણે છે. અહા! આવો મારો ભગવાન આત્મા! તે હવે મારા અનુભવમાં આવ્યો; હવે કોઈ પરભાવ મને મારા સ્વરૂપે ભાસતા નથી. હું તો એક પરમસ્વભાવ જ છું. ભેદનો વિષય હું નહીં, દ્રવ્ય–ગુણ–પર્યાયનાય ભેદ વગર એક અભેદ પરમભાવરૂપે અનુભવમાં આવ્યો તે હું છું–સમ્યગ્દર્શન થયું તેમાં આવો આત્મા સાક્ષાત્ થયો છે, સ્પષ્ટ નિઃશંક અનુભવમાં આવ્યો છે.

ભાઈ, સંતો જે સ્વરૂપ બતાવે છે, તે તું છો. તારું સ્વરૂપ પોતે આવું મોટું છે–તે જ સંતો કહે છે. આવું સ્વરૂપ સમજીને અનુભવમાં લેવું તે જ મોક્ષનો

સુગમ માર્ગ છે; બીજો તો કોઈ માર્ગ જ નથી. આત્માના અનુભવની આ કળા તે જ ધર્મની અપૂર્વ વિદ્યા છે.

ચૈતન્યસ્વરૂપ એવો જે હું-પરમભાવ, તેમાં ગુણસ્થાનના ભેદો નથી. ભેદના વિકલ્પોનો હું કર્તા નથી, તેનું મને અનુમોદન નથી, તેનું હું કારણ નથી. મારું કર્તાપણું, અનુમોદવાપણું કે કારણપણું મારા સહજ ચૈતન્યભવની અનુભૂતિમાં જ સમાય છે. એનાથી બહાર કોઈ ભંગ-ભેદોમાં હું નથી.-આમ ધર્મી અનુભવે છે ભેદ-વિકલ્પ તો હું છું જ નહીં, તો જે હું નથી તેનો કર્તા હું કેમ હોઉં ?

સહજ જ્ઞાન-દર્શન-આનંદસ્વરૂપ હું છું-એમ હું ભાવું છું એટલે કે એવા સ્વરૂપે જ આત્માને અનુભવું છું. મારા સહજ ચૈતન્યવિલાસમાં કોઈ પુણ્ય-પાપ નથી, એટલે તેના ફળરૂપ ચારગતિ મને નથી; તેનો હું કર્તા નથી.

એકકોર પરમ જ્ઞાનતત્ત્વ, બીજી કોર રાગાદિ બધા પરભાવો. પરમ જ્ઞાનતત્ત્વથી બધાય પરભાવો બાહ્ય છે. જે અંતર્મુખ થઈને જ્ઞાનતત્ત્વને અનુભવે છે તેની અનુભૂતિમાં ગુણસ્થાન-માર્ગણાસ્થાનસંબંધી કોઈ પરભાવોનું અસ્તિત્વ જ નથી એટલે તેમનું કર્તાપણું નથી. ધર્મીની સ્વસત્તા તો આનંદમય ચૈતન્યવિલાસથી ભરેલી છે. આવી ચૈતન્યસત્તામાં જડ શરીર કેવું ને રાગ કેવો ?-તોપછી તે જડ શરીરથી ને રાગથી જીવને ધર્મ થાય-એ વાત પણ કેવી ? અહા, મારું તત્ત્વ સર્વે ભેદભંગરૂપ વ્યવહારના વિકલ્પોથી નિરપેક્ષ છે; પરભાવોથી જાુદું મારું સહજ તત્ત્વ છે તેને જ હું ભાવું છું. જાુઓ, ભેદજ્ઞાનવડે આવા તત્ત્વની ભાવનાથી વીતરાગતા થાય છે, ને ચારિત્ર પ્રગટે છે-એમ આ પાંચ ગાથા પછી તરત ( ૮૨ મી ગાથામાં ) કહેશે.

ભેદજ્ઞાનવડે રાગ અને દેહાદિથી ભિન્ન ચૈતન્યતત્ત્વને જે ભાવે તેને જ તેનું કર્તૃત્વ છૂટીને મધ્યસ્થતારૂપ વીતરાગતા થાય, ને તેને જ ચારિત્રદશા પ્રગટે. પણ શરીરની ક્રિયાનું કે રાગના એક વિકલ્પનું પણ કર્તૃત્વ ( તેની મીઠાશ ) જેને હોય તેને તેમાં મધ્યસ્થતા ન થાય, ને મધ્યસ્થતા વગર વીતરાગતા ન થાય, વીતરાગતા વગર ચારિત્રદશા ન થાય. આ રીતે ભેદજ્ઞાન વગર, એટલે કે શુદ્ધાત્માની ભાવના વગર કદી ચારિત્ર હોતું નથી. અહો, જૈનમાર્ગ કોઈ અલૌકિક છે....આ તો અંતરમાં ચૈતન્યનો વીતરાગી માર્ગ છે.

આ રીતે પાંચ રત્નો જેવી આ પાંચ ગાથાઓમાં કહેલા ભેદજ્ઞાનની ભાવનાવડે જેણે પોતાના સહજ ચૈતન્યતત્ત્વને સમસ્ત પરભાવોથી ભિન્ન પાડયું છે, ભેદજ્ઞાનવડે સમસ્ત વિષયોની ને પરભાવોના ગ્રહણની ચિન્તાને છોડી દીધી છે ને પોતાના શુદ્ધ–દ્રવ્ય–ગુણ–પર્યાયના સ્વરૂપને જ ગ્રહણ કર્યું છે, એવો ભવ્યજીવ અલ્પકાળમાં જ મુક્તિને પામે છે. ભેદજ્ઞાનની ભાવનાનું આ ફળ છે. અધ્યાત્મરસની અપૂર્વ ધારા ભેદજ્ઞાનમાં વહે છે.

ધર્મીએ ભેદજ્ઞાનવડે બે વિષયોને જ જુદા પાડી નાંખ્યા–એકકોર અંતરમાં શુદ્ધ અભેદ સ્વવિષય; અને બીજીકોર બધાય પરવિષયો; આવા ભેદજ્ઞાનવડે શુદ્ધ–સ્વવિષયનું ગ્રહણ કર્યું, ને સમસ્ત પરવિષયોનું ગ્રહણ–છોડયું.–આવું કરે ત્યારે મિથ્યાત્વનું પ્રતિક્રમણ કરીને જીવ સમ્યગ્દ્રષ્ટિ થાય. પરવિષયમાં તો શુદ્ધાત્મા સિવાય બીજું બધુંય આવી ગયું. કોઈ પણ પરવસ્તુને વિષય બનાવીને જે શુભવૃત્તિ ઊઠે તે પણ આત્માનો સ્વવિષય નથી, તેને પણ પરવિષય જાણીને ધર્મી છોડે છે, એટલે કે સ્વવિષયથી તેને ભિન્ન જાણે છે. જેને ભિન્ન જાણે તેનું કર્તૃત્વ કેમ હોય? તેની ભાવના કેમ હોય? તેનું ગ્રહણ કરવાની બુદ્ધિ કેમ હોય? આ રીતે ધર્મીને સમસ્ત પરવિષયોના ગ્રહણની બુદ્ધિ છૂટી ગઈ છે ને શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપે એક સ્વવસ્તુનું જ ગ્રહણ છે, તેમાં જ એકાગ્રચિત્ત વડે તે પરમઆનંદને અનુભવે છે ને મોક્ષને સાધે છે.

આવા આત્માના અનુભવમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની નિર્મળપર્યાયના ભેદરૂપ ભાવલિંગ પણ નથી. અનુભવમાં નિર્મળપર્યાય થાય છે, ખરી, પણ ‘આ દ્રવ્ય, ને આ મારી નિર્મળપર્યાય’ એવા ભેદો એક અભેદ ચીજમાં નથી. અભેદમાં ભેદ ઉપજાવતા વિકલ્પ ઊઠે છે ને આકુળતા થાય છે, ત્યાં બીજા બાહ્યવિકલ્પોની તો શી વાત? વિકલ્પો તો આકુળતાની ભઠ્ઠી છે, ચૈતન્યની શાંતિ તેમાં નથી. શાંતરસના પિંડરૂપ મારું ચૈતન્યતત્ત્વ, તે વિકલ્પની અશાંતિમાં કદી આવે નહીં; સુખના સમુદ્રમાં મગ્ન થયેલો આત્મા, આકુળતાનો કર્તા કેમ થાય? અહા! આવું ચૈતન્યતત્ત્વ...તેને લક્ષમાં લેતાં પરમ આનંદ થાય છે. એકવાર આવું તત્ત્વ અંદર લક્ષમાં તો લ્યો. એને લક્ષમાં લેતા એક પળમાત્રમાં સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન ને મહાન આનંદ થશે.

જેણે સ્વાનુભવથી આવા નિજતત્ત્વને જાણ્યું તેણે બધું જાણ્યું. અને જેણે નિજતત્ત્વને ન જાણ્યું તેનું બીજું બધું જાણપણું નિષ્ફળ છે.–

**જબ જાણ્યો નિજ રૂપકો તબ જાન્યો સબ લોક;**
**જાન્યો નહિ નિજ રૂપકો તો સબ જાન્યો સો ફોક.**

ભાઈ, પરભાવોથી ભિન્ન તારા શુદ્ધ સ્વતત્ત્વને જાણ્યા વગર તું પરભાવોને કઈ રીતે છોડીશ? તારી દ્રષ્ટિમાં સ્વતત્ત્વને ગ્રહણ કર તો જ પરવિષયો સાથેની એકતાબુદ્ધિ છૂટે એટલે મિથ્યાત્વાદિનું પ્રતિક્રમણ થાય.

અંતર્મુખ અવલોકન વડે જ મોહ–વિકલ્પો છૂટે છે. –

**ઉપજે મોહ-વિકલ્પથી સમસ્ત આ સંસાર;**
**અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.**

અંતરમાં નજર કરતાં જ તારા બધા પરભાવો છૂટી જશે ને તારું શુદ્ધ સ્વરૂપ તને અનુભવમાં આવશે. નિર્મળપર્યાય થાય તે અંદર શુદ્ધસ્વરૂપ સાથે અભેદ થાય છે; સ્વસન્મુખપણે આત્મા નિર્મળપર્યાયમાં અભેદપપણે પરિણમે છે, ને રાગાદિ પરભાવોથી ભિન્નતા થઈ જાય છે.–આનું નામ જ ભેદજ્ઞાન છે. આવા ભેદજ્ઞાનની ભાવના વડે અલ્પકાળમાં ચારિત્રદશા પ્રગટ કરીને જીવ મુક્તિને પામે છે.

**એક ભૂલઃ**—આત્મધર્મના ગતાંકમાં, (અંક ૩૪૧ પાનું ૨૨ બીજી લાઈનમાં) સાંતર અને નિરંતર ગુણસ્થાનોનું જે કથન છે તેમાં, ૧૪મું ગુણસ્થાન સાંતર હોવા છતાં ભૂલથી નિરંતર ગુણસ્થાનોમાં લખાઈ ગયું છે, તો તે સુધારીને વાંચવા વિનંતી છે. નિરંતર ગુણસ્થાનો ૧, ૪, ૫, ૬, ૭, અને ૧૩ એ છ છે; સાંતર ગુણસ્થાનો ૨, ૩, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, અનુ ૧૪ એ આઠ છે. (આ શરતચૂક પ્રત્યે ધ્યાન ખેંચવા માટે ઈંદોરના મુમુક્ષુભાઈનો આભાર માનીએ છીએ.)

વિશેષમાં તેઓ લખે છે કે ચૈતન્યની મીઠી–મધુરી ચર્ચા બહુ સરસ હૈ. શબ્દબ્રહ્મકી જમાવટ બહુત હી સરસ સુન્દર હૈ, ઔર અબ આત્મધર્મકી નિખરતા, યાની સર્વાંગ ચહુંમુખી પ્રખરતા લિયે હુએ ચલ રહી હૈ; ચારોં અનુયોગોંકી કથની પ્રત્યક્ષ એકાંતવાદિયોંકિ શ્રદ્ધાકો ડાંવાડોલ કર રહી હૈ।

(લી. –બ્ર. સ્વરૂપાનંદ, ઉદાસીન આશ્રમ, ઈંદોર)

# શિષ્યના અનુભવનું વર્ણન

**શ્રીગુરુએ જેવો આત્મા બતાવ્યો તેવો શિષ્યે અનુભવ્યો;**
**તે ધર્મી પોતે જ પોતાના અનુભવની સાક્ષી આપે છે.**

[ રાજકોટશહેરના પ્રવચનોમાંથીઃ સમયસાર ગા. ૩૮ ]

સમયસારની ૩૮ મી ગાથામાં ધર્માત્માના અનુભવનું અલૌકિક વર્ણન છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમેલા આત્માને પોતાના શુદ્ધ સ્વરૂપનું કેવું સચેતન હોય છે તે કહે છે–

**હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાન-દર્શનમય ખરે,**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે.**

સમ્યગ્દર્શન થતાં આવા આત્માને અનુભવ્યો. પહેલાં અજ્ઞાનદશામાં પોતે પોતાના આત્મસ્વરૂપને ભૂલી ગયો હતો, ત્યારે મોહથી ઉન્મત્ત હતો, સ્વ કોણ? પર કોણ? તેનું કાંઈ ભાન ન હતું એટલે અત્યંત અપ્રતિબુદ્ધ હતો હવે ભાન થયું ત્યારે પહેલાંની ભૂલની પણ ખબર પડી કે અરે! હું તદ્દન અવિવેકી અજ્ઞાની થઈને મારા પરમાત્મસ્વરૂપને ભૂલ્યો હતો. હવે આત્મજ્ઞાની વીતરાગી ગુરુના ઉપદેશથી મને મારા સ્વરૂપનું ભાન થયું, મારા પરમેશ્વર–આત્માને મેં મારામાં દેખ્યો; મારા આત્માને જ મેં પરમેશ્વરરૂપે અનુભવ્યો. હવે મારા જ્ઞાનાનંદરૂપ સ્વસંવેદનપ્રત્યક્ષ આત્મા સિવાય એક પરમાણુ કે વિકલ્પ પણ મને મારા સ્વરૂપે અનુભવાતા નથી. રાગથી છૂટા પડીને ચેતનારૂપે પરિણમેલા સંત–ગુરુએ મને મારું સ્વરૂપ રાગાદિથી તદ્દન ભિન્ન ચેતનામય બતાવ્યું; અતીન્દ્રિય આનંદથી ભરેલું મારું તત્ત્વ મેં હવે અનુભવ્યું. પહેલાં મારાં આનંદના એક અંશની પણ મને ખબર ન હતી, હવે પરમ આનંદથી ભરેલું મારું તત્ત્વ મેં મારામાં પ્રત્યક્ષ દેખ્યું.

શ્રીગુરુએ નિરંતર આવું આત્મતત્ત્વ સમજાવ્યું. 'નિરંતર' સમજાવ્યું–તેમાં ભાવાર્થ એવો છે કે શિષ્યને આત્મસ્વરૂપ સમજવાની ધૂન ચડી, નિરંતર સમજવાની ધગશથી અંતરમાં ઊતરવા લાગ્યો. શ્રીગુરુ કાંઈ નિરંતર ઉપદેશ દેતા ન હોય, પણ એકવાર શ્રીગુરુ પાસેથી સાંભળતાં પણ માત્ર શિષ્યને અંદર ચૈતન્યમાં તેની ધૂન ચડી ગઈ. પરસન્મુખ ભાવમાં તે અટકતો નથી, રાગમાં રાજી થતો નથી; રાગમાં રાજી થનારને રાગ વગરનું તત્ત્વ ક્યાંથી અનુભવમાં આવે? દેવ–ગુરુ તરફની ભક્તિના રાગમાં રાજી થઈ જાય, તો તેણે ખરેખર વીતરાગી ગુરુનો ઉપદેશ સાંભળ્યો નથી. વીતરાગી ગુરુનો ઉપદેશ તો રાગથી ભિન્ન ચૈતન્યનો અનુભવ કરવાનું કહે છે. તું રાગથી જુદો પડીને ચૈતન્યરૂપ થા, તો તારું કલ્યાણ થાય. તું પૂર્ણ આનંદનો દરિયો, તેમાં રાગના વિકલ્પો કેવા? બહારના વિકલ્પોથી તારું સ્વરૂપ નીરાળું છે. દેવ–ગુરુ તરફનો વિકલ્પ તું નહીં, અંતરની ચેતનાવડે જે સ્વસંવેદનમાં આવે તે તું છો.–આવું સાંભળીને શિષ્ય અંતરમાં તેવા ભેદજ્ઞાન માટે મથ્યો, અને તેવો જ અનુભવ કર્યો. તે ઉપકારથી કહે છે કે અહો! મારા ગુરુએ મને આવું સ્વરૂપ નિરંતર સમજાવ્યું. આનાથી વિરુદ્ધ ઉપદેશ આપે તે ગુરુ સાચા નહિ. રાગથી લાભ માને એવા ગુરુના ઉપદેશથી આત્માનું સાચું સ્વરૂપ સમજાય નહીં. અહીં તો સવળી જ વાત છે. સાચા ગુરુનો ઉપદેશ મહા ભાગ્યે મળ્યો, ને અંતરની લગનીથી પોતે તે સમજ્યો; સમજતાં કહે છે કે અહા! મારા ધનભાગ્યથી મને મારું આવું સ્વરૂપ સમજવામાં આવ્યું. અંતરના કોઈ અલૌકિક અપૂર્વ પુરુષાર્થથી પોતે પોતાનું સ્વરૂપ અનુભવીને ન્યાલ થયો.....પરમેશ્વરનો પોતામાં જ સાક્ષાત્કાર થયો.....અહા, આવું મારું સ્વરૂપ! એકલું આનંદમય, રાગથી તદ્ન ન્યારું, આવું સ્વરૂપ મહા પુરુષાર્થથી મેં મારામાં દેખ્યું.

જુઓ, આ ધર્માતમાની દશા! પોતાની આવી અપૂર્વ દશાની પોતાને નિઃશંક ખબર પડે છે ને મહાન આનંદ થાય છે. અરે, ભગવાન આત્માના ભેટા થયા તેની શી વાત! આખી દશા ફરી ગઈ; પરિણતિ એકદમ ગુલાંટ મારીને રાગથી તદ્ન છૂટી પડી ગઈ. અહા! શ્રીગુરુપ્રતાપે મારું આવું સ્વરૂપ મેં અનુભવ્યું. ચૈતન્યનો દરિયો હું જ છું; ચૈતન્યસ્વરૂપમાં મોહનો અંશ પણ નથી.

શ્રીગુરુએ આવું સ્વરૂપ સમજાવ્યું ને મેં મારામાં આવું સ્વરૂપ અનુભવ્યું; આ રીતે શ્રીગુરુના અને શિષ્યના ભાવની સંધિ છે. પોતે પોતાના સ્વભાવની સન્મુખ થઈને તેનો અચિંત્ય મહિમા લક્ષગત કરી, તેમાં સાવધાન થયો એટલે તેમાં ઉપયોગને એકાગ્ર કર્યો, એ રીતે પોતાના સ્વરૂપને ચેત્યું–અનુભવમાં લીધું....અત્યંત સ્પષ્ટ

અનુભવ્યું.–કેવું સ્પષ્ટ અનુભવ્યું ? કે જેમ હાથમાં જ સોનું હોય, પણ તે ભૂલીને બહાર શોધતો હોય, ને પછી કોઈ બતાવે કે ભાઈ ! તારા હાથમાં જ તારું સોનું છે–અને પોતાના હાથમાં જ સોનું દેખે કે આ રહ્યું સોનું ! એ રીતે પોતાના હાથમાં જ સોનું દેખીને આનંદિત થાય. તેમ પોતાનું પરમેશ્વર સ્વરૂપ પોતામાં જ હતું પણ તે ભૂલીને બહારમાં રાગમાં શોધતો હતો. શ્રીગુરુએ તેને બતાવ્યું કે ભાઈ ! તારું સ્વરૂપ તો તારામાં જ છે, રાગમાં તારું સ્વરૂપ નથી, તારો જ્ઞાનસ્વરૂપ આત્મા સદા મહા આનંદસ્વરૂપ છે. એ રીતે પોતામાં જ પોતાના જ્ઞાનસ્વરૂપને સાક્ષાત્ દેખ્યું કે અહા ! હું જ જ્ઞાનસ્વરૂપ પરમેશ્વર છું.–એ રીતે પોતે પોતાના સ્વાનુભવથી જીવ મહાઆનંદિત થયો. આનંદના અંશના સાક્ષાત્ અનુભવથી પૂર્ણ આનંદથી ભરેલો આત્મા પ્રતિતમાં આવી ગયો કે હું તો આખોય આવા આનંદસ્વરૂપ જ છુ. વિકલ્પ અને રાગ એ મારી જાત નથી.–આનું નામ અનુભવદશા !

ધર્મી થયો તે પોતે જાણે છે કે મેં મારા આવા આત્માને અનુભવ્યો. પહેલાં હું અત્યંત અજ્ઞાની હતો; પણ શ્રીગુરુએ મને રાગથી ભિન્ન મારું ચિદાનંદસ્વરૂપ સમજાવ્યું, તેની મને ધૂન ચડી, મારા ચૈતન્યનો પરમ પ્રેમ જાગ્યો ને અત્યંત સાવધાનીથી ઉપયોગને અંદર જોડીને મેં મારા સ્વરૂપને અનુભવ્યું. આત્માની તો કોઈ અચિંત્ય તાકાત છે; જ્યારે પોતે જાગે ત્યારે પોતાના સ્વરૂપને અનુભવમાં લઈને સમ્યગ્દર્શનાદિ કરે છે. અહા ! આવા ચૈતન્યતત્ત્વનો મહિમા સાંભળીને તેનો પ્રેમ કરે ને તેની લગની લગાડે તે ન્યાલ થઈ જશે.

ભાઈ, પહેલાં તો અનુભવી ગુરુ પાસેથી આત્માનું સત્યસ્વરૂપ સાંભળી, લક્ષગત કરી, તેને ચૈતન્યનિશાનીથી બરાબર ઓળખી, શ્રદ્ધા કરી, અનુભવમાં લે. આત્માના સ્વરૂપની ધૂન એવી લગાડ કે સંસારનો રસ ઊડી જાય. અરે, મારા ચૈતન્યરસ પાસે જગતના બધા રસ નીરસ છે. ચૈતન્યનો રંગ ચડે તેને રાગનો રંગ ઊતરી જાય. આવી આત્માની ધૂનથી, આત્માને સમજી–શ્રદ્ધી–અનુભવીને હું સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો છું....આત્માના આનંદબાગમાં કેલિ કરું છું.–આવો હું મારા આત્માને કેવો અનુભવું છું ? તેનું આ વર્ણન છે.

ચૈતન્યમાત્ર જાગતીજ્યોત આત્મા હું, મારા જ અનુભવથી મને પ્રત્યક્ષ જાણું છું. મને જાણવામાં મારે કોઈ બીજાનું અવલંબન નથી, રાગનું અવલંબન નથી, રાગથી ભિન્ન થઈને મારી ચેતના વડે જ હું મને અનુભવું છું–આવું સ્વસંવેદન

પ્રત્યક્ષ મારું સ્વરૂપ છે. સ્વાનુભૂતિથી હું મારામાં પ્રસિદ્ધ થયો છું. 'ચૈતન્યમાત્ર' હું છું–એ મારા ચૈતન્યમાત્ર ભાવમાં મારા અનંત ગુણનો સ્વાદ એકરસપણે સમાય છે; પણ રાગાદિ પરભાવનો એક અંશ પણ તેમાં સમાતો નથી. આવો ચૈતન્યમાત્ર હું, પોતાથી જ પોતાને અનુભવું છું. મારો આત્મા એવો નથી કે, રાગવડે કે પર તરફના જ્ઞાનવડે અનુભવમાં આવી જાય. જેમાં રાગ નથી, જેમાં પરનું અવલંબન નથી, એવા સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાનવડે હું મને વેદું છું. –આમ ધર્મી પોતે જ પોતાના અનુભવની સાક્ષી આપે છે.

હું કેવો છું–એ ધર્મીએ પોતાના સ્વસંવેદનથી જાણ્યું છે. ઇન્દ્રિયોથી, રાગથી કે એકલા પરોક્ષ જ્ઞાનથી અનુભવમાં આવું એવો હું નથી. મને મારો જે અનુભવ થયો તે ઇંદ્રિયાતીત સ્વસંવેદનપ્રત્યક્ષજ્ઞાનથી થયો છે. મારા અનુભવમાં ચૈતન્યમાત્ર ભાવ છે, તેમાં રાગાદિ ભાવો નથી. ચૈતન્યમાત્ર ભાવમાં આનંદ વગેરે અનંતા સ્વભાવો સમાય છે, પણ રાગાદિનો અંશ પણ તેમાં સમાતો નથી. મારો ચૈતન્યસ્વભાવ એક છે, તે રાગાદિ અનેક વિભાવો વડે ભેદાતો નથી; રાગાદિ પરભાવો કે ગતિ વગેરે વિભાવો–તે બધાયથી જાુદો ને જુદો એક ચિન્માત્ર ભાવરૂપે જ હું છું–માટે હું એક છું. રાગાદિ અનેક પરભાવ હોવા છતાં તેમાં મારી પરિણતિ તન્મય થતી નથી, એકત્વસ્વભાવમાં જ મારી પરિણતિ તન્મય રહે છે, માટે એકપણે જ હું મને અનુભવું છું. અનેક પ્રકારના ભેદભાવોપણે હું મને અનુભવતો નથી, શ્રીગુરુએ પણ મારો એકત્વ–જ્ઞાયકસ્વભાવ આવો જ ઉપદેશ્યો હતો, ને નિરંતર તેના અભ્યાસથી તેવો જ મારા અનુભવમાં આવ્યો. આવો અનુભવ પોતે કર્યો ત્યારે ગુરુના ઉપદેશની સાચી ખબર પડી કે ગુરુ મને આવું સ્વરૂપ કહેતા હતા. આ રીતે પોતાના અનુભવની ને ગુરુના ઉપદેશની અપૂર્વ સંધિ થઈ છે.

જુઓ, આ આત્માના અનુભવની દશા! આ રીતે ઓળખીને આત્મા અનુભવાય છે. ઓળખાણમાં ભૂલ હોય તેને સાચો અનુભવ થાય નહીં. અહા, આવું ચૈતન્યતત્ત્વ જેણે અંદર લક્ષગત કર્યું તે તો તરી ગયો, ન્યાલ થઈ ગયો.

વ્યવહારરૂપ નવ તત્ત્વો છે તે વિકલ્પરૂપ છે, તેનાથી ભિન્ન જ્ઞાયકદેવ–એકભાવરૂપ ધર્મી પોતાને અનુભવે છે. આવા અનુભવમાં સંવર–નિર્જરારૂપ શુદ્ધપર્યાય થાય છે ખરી; પણ તે પર્યાયના ભેદને જોતાં વિકલ્પ થાય છે; તે વિકલ્પરૂપ ભેદભાવથી મારું જ્ઞાયકતત્ત્વ જાુદું છે. એક જ્ઞાયકભાવપણે હું મને દેખું છું, તેમાં નવતત્ત્વના ભેદ દેખાતા નથી, માટે નવતત્ત્વના ભેદથી પાર એક અખંડ જ્ઞાયકતત્ત્વ હું છું. નવતત્ત્વના ભેદમાં

અશુદ્ધતા છે, તેનાથી અત્યંત જુદું મારું જ્ઞાયકતત્ત્વ એક છે તે શુદ્ધ છે.–આવા શુદ્ધસ્વરૂપના અનુભવથી ધર્મી જીવ તૃપ્ત–તૃપ્ત વર્તે છે. તે જાણે છે કે મારા સ્વરૂપથી હું પ્રતાપવંત છું. મારા સ્વરૂપના મહાન આનંદ પાસે જગતની બીજી કોઈ ચીજ મને મહિમાવંત લાગતી નથી.

અહા, આવા આત્મઅનુભવમાં કેટલી ધીરજ! આખા જગતથી નિરપેક્ષપણે, ભંગ–ભેદના વિકલ્પોથી પણ પાર થઈને અંતરમાં એકલા જ્ઞાયકભાવપણે ધર્મી પોતાને અનુભવે છે, તેમાં અપાર ધીરજ છે, પરમ ગંભીરતા છે; ચૈતન્યનો મહાન પ્રતાપ તેમાં પ્રગટે છે. ધર્મી નિઃશંક કહે છે કે આવો મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટયો છે,–હવે મારા સંસારનો અંત આવી ગયો; મારા સ્વસંવેદનપ્રત્યક્ષમાં મોહનો–રાગનો અંશ પણ નથી; મોહ હવે નિર્મૂળ થઈ ગયો ને જ્ઞાનપ્રકાશ ખીલી ગયો. અહો, આનંદમય જ્ઞાનસમુદ્રમાં ભગવાન આત્મા તરબોળ થયો; શાંતરસનો મોટો દરિયો તેમાં અમારો આત્મા લીન થયો. જગતના જીવો પણ આવા શાંતરસના દરિયામાં મગ્ન થાઓ....અંતરમાં ઊંડા ઊતરીને તેનો અનુભવ કરો.

નવતત્ત્વના અનુભવમાં અશુદ્ધતાનો અનુભવ છે; તેનાથી ભિન્ન એક જ્ઞાયકતત્ત્વના અનુભવમાં શુદ્ધતાનો અનુભવ છે, ને તેમાં આનંદની ધારા ઉલ્લસે છે. અમારું શુદ્ધ પરમાત્મતત્ત્વ અમારા સાક્ષાત્ અનુભવમાં આવ્યું, હવે અમે અજર–અમર થયા, હવે આ સંસારના જન્મ–મરણ અમને નહિ થાય.–

**અબ હમ અમર ભયે...ન મરેંગે...**

**યા કારન મિથ્યાત દિયો તજ, ફિર ક્યોં દેહ ધરેંગે...અબ હમ.**

અમારા અંતરમાં ભગવાન આત્મા સ્વાનુભવથી પ્રસિદ્ધ થયો છે, ત્યાં મોક્ષદશા માટે ભગવાનના કહેણ આવી ગયા છે. ભગવાને જેવું સ્વરૂપ કહ્યું તેવું અમારા આત્મામાં પ્રગટી ગયું છે, અમારા અનુભવમાં આવી ગયું છે.–અમારો આત્મા જ અમારા અનુભવનો સાક્ષી છે.–આમ ધર્મીને અંતરમાંથી સાક્ષી આવી ગઈ છે.–આવી દશા થઈ ત્યારે જીવ મોક્ષનો સાધક થયો.

ધર્મી પોતાને સદાય જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ સ્વરૂપે અનુભવે છે. આવા સ્વરૂપને સમજ્યા પછી આત્માનું જે બહુમાન અને મહિમા આવે તે અલૌકિક હોય છે; ને વીતરાગી દેવ–ગુરુની ખરી ભક્તિ પણ ત્યારે થાય છે. ચૈતન્યતત્ત્વ કેવું છે તે જાણ્યા વગર તેનો સાચો મહિમા ક્યાંથી આવે? એકલા જ્ઞાનદર્શનથી ભરેલો ચૈતન્ય

પિંડ તેમાં ક્યાંય વિકલ્પનો–રાગનો–કર્મનો પ્રવેશ જ નથી. અહીં તો કહે છે કે આવા તત્ત્વના અનુભવમાં નિર્મળપર્યાયના ભેદ પણ રહેતા નથી. ચૈતન્યતત્ત્વ રાગને ઓળંગે, ભેદને ઓળંગે, પણ જ્ઞાન–દર્શનરૂપ પોતાના સ્વભાવને કદી ન ઓળંગે આવો ચૈતન્ય ભગવાન હું છું. એમ ધર્મી અનુભવે છે. ધર્મીના ઉપયોગમાં ઉપયોગ સ્વરૂપ આત્મા જ છે, તેના ઉપયોગમાં ક્રોધાદિ કોઈ ભાવો નથી. ઉપયોગ સ્વભાવમાં એકાગ્ર થઈને ઉપયોગ પરિણમ્યો, તે જ ભેદજ્ઞાન છે, તે જ સંવર છે, તે જ ધર્માત્માનો અનુભવ છે. તેમાં પરમ આનંદ છે.

આચાર્ય ભગવાન કહે છે કે હે જીવો! આવા આત્માને તમે અનુભવમાં લ્યો.....એ જ જૈનશાસનનો પરમાર્થ છે.

[ આ ૩૮મી ગાથાના પ્રવચનોમાં આપે ધર્માત્માના અનુભવનું વર્ણન વાંચ્યું; હવે ૭૩ મી ગાથામાં પણ ધર્મીજીવ આત્માનો અનુભવ કઈ રીતે કરે છે તેનું સુંદર વર્ણન છે, તે આપ આ અંકમાં જ વાંચશો. ]

## પાપના ઉદય વખતે....?

પ્રશ્નઃ–પાપકર્મના ઉદય વખતે શું કરવું?

ઉત્તરઃ–ધૈર્યપૂર્વક આરાધનામાં અડગ રહેવું. પુણ્યના ઉદય વખતે જે કરવાનું છે, પાપના ઉદય વખતે પણ તે જ કરવાનું છે. ધર્મીજીવ પુણ્યોદય વખતે પણ તેનાથી ભિન્ન આત્મતત્ત્વની ભાવના અને આરાધનામાં વર્તે છે, તેમ પાપના ઉદય વખતે પણ તેનાથી ભિન્ન આત્મતત્ત્વની ભાવના અને આરાધનામાં વર્તે છે. એવું નથી કે પુણ્યના ઉદય વખતે કાંઈ જુદું કરવાનું ને પાપના ઉદય વખતે તેથી કાંઈક બીજું કરવાનું હોય! ધર્મી જીવ તો તે છે કે–'પુણ્ય–પાપ જે સમ ગણે...' પુણ્ય અને પાપ બંનેથી પાર જ્ઞાનભાવરૂપે પોતે પોતાને વેદે છે–આવી 'જ્ઞાનચેતના' તે ધર્મીનું ચિહ્ન છે. પુણ્ય અને પાપ એ બંનેના ફળ તો કર્મફળચેતનારૂપે સમાય છે, જ્ઞાનચેતનામાં તે નથી. પાપકર્મના ઉદય વખતે પણ જ્ઞાનચેતનારૂપે રહેવું તે ધર્મીનું કામ છે; અને વ્યવહારમાં તે વખતે વીતરાગી દેવ–ગુરુ–ધર્મનું બહુમાન, ધૈર્યપૂર્વક વૈરાગ્ય ભાવનાઓ, ધર્માત્માઓનો વિશેષ સંગ, વગેરે કર્તવ્ય છે. એ રીતે પાપના ઉદય વખતે પણ શૂરવીર થઈને આરાધનામાં દ્રઢ રહેવું, પણ મુંઝાઈને આર્ત્તધ્યાન ન કરવું.

# જ્ઞાનની અનુભૂતિ તે મોક્ષનો માર્ગ

**આ અંકના બીજા પાને "આત્માને સાધવાની રીત" આપે વાંચી; અહીં તેના બીજા ભાગમાં જ્ઞાનના અનુભવનું સુંદર વર્ણન વાંચતા મુમુક્ષુની પરિણતિમાં જ્ઞાનની અનુભૂતિનો ઉલ્લાસ જાગશે. રાજકોટમાં સમયસારની ૧૭-૧૮ મી ગાથાના આ પ્રવચનો છે.**

જેને દુઃખથી છૂટીને આત્માના પરમ આનંદની પ્રાપ્તિનું પ્રયોજન છે તે જીવ આત્માનો જ અર્થી થઈને, નિઃશંકપણે અનુભવ દ્વારા તેને સેવે છે. મોક્ષાર્થીના પહેલાં કાંઈ બીજું (–શુભરાગ) કરવાનું ન કહ્યું, પહેલાં જ આત્માને જાણીને–ઓળખીને તેનો અનુભવ કરવાનું કહ્યું. પહેલાં શાસ્ત્રાદિથી સામાન્ય જાણપણું હોયતેની વાત નથી પણ સ્વાનુભવ સહિત જાણ્યું તે જ ખરૂં જાણ્યું છે.

દરેક જીવ જાણનારસ્વરૂપ જ છે; પણ 'આ જાણવારૂપ ચેતનભાવ છે તે જ હું છું' એમ અનુભૂતિસ્વરૂપે પોતે પોતાને જાણે ત્યારે આત્માને જાણ્યો કહેવાય, ને ત્યારે જ્ઞાનની સેવા કરી કહેવાય. જ્ઞાનની આવી સેવા તે જ જ્ઞાનની ખરી સેવા છે.

આત્માને તો 'રાજા' કહ્યો; રાજા એટલે શ્રેષ્ઠ. જાણનારસ્વભાવી આત્મા જ બધામાં શ્રેષ્ઠ છે, ઊંચો છે, ઊર્ધ્વ છે. જ્ઞાનની ઊર્ધ્વતા છે; તે રાગાદિને જાણતાં તેમાં ભળી જતું નથી પણ તેનાથી છૂટું રહે છે, એવી તેની ઊર્ધ્વતા છે. પણ 'આ રાગાદિભાવો હું છું' એમ અજ્ઞાની અનુભવે છે તેથી રાગથી જુદા જ્ઞાનને તે સેવતો નથી. ધર્મી તો રાગને જાણતાં પણ 'આ ચેતકભાવપણે અનુભવાય છે તે જ હું છું. રાગાદિ હું નથી' એમ ભેદજ્ઞાનવડે જ્ઞાનને જ સેવે છે. આવી સેવા તે મોક્ષને સાધવાનો ઉપાય છે.

જે રાગાદિ અન્ય ભાવો છે તે કાંઈ ચેતનપણે અનુભવાતા નથી; દ્રવ્ય–ગુણના સ્વભાવમાં તો રાગાદિ નથી, ને પર્યાયમાં ચેતનભાવપણે આત્મા પરિણમે છે તે ચેતનભાવમાં રાગાદિ નથી; આ રીતે પર્યાયમાં પણ ચેતન અને રાગની ભિન્નતા છે.

જે જ્ઞાનપણે જણાય છે, જે જ્ઞાનપણે જ સ્વાદમાં આવે છે તેનો સંબંધ મારા સ્વભાવ સાથે છે; જ્ઞાનમાં જે રાગપણે જણાય છે તેનો સંબંધ મારા સ્વભાવ સાથે નથી. આમ જ્ઞાનને અને રાગને ભિન્નભિન્ન અનુભવમાં લેતાં જ્ઞાનીને આત્મજ્ઞાન ઉદય પામે છે; તે જ્ઞાનની સાથે જ તેની નિઃશંક પ્રતીત વર્તે છે; ને જ્ઞાન–શ્રદ્ધાપૂર્વક તેમાં જ ઠરતાં પરમ આનંદ અનુભવાય છે.–આ રીતે સાધ્યની સિદ્ધિ થાય છે.

જડ ને ચેતન, જ્ઞાન ને રાગ, આકુળતા ને શાંતિ–એવા અનેકભાવો છે, તેમાં 'હું તો જ્ઞાન છું, જ્ઞાન અને શાંતિમય જે ચેતનભાવ છે તે જ હું છું; ચેતનપણામાં વિસ્તરેલો ભાવ તે આત્મા છે, તેટલો જ હું છું; ને ચેતનપણાથી બહાર એવા રાગાદિ અન્ય કોઈ ભાવો તે ખરો આત્મા નથી, તે મારું સ્વરૂપ નથી;'–આમ ધર્મી પોતાને જ્ઞાનની અનુભૂતિરૂપે જાણે છે. આવી અનુભૂતિમાં કાંઈ એકલું જ્ઞાન નથી, આત્માના અનંતગુણોની નિર્મળતાનું તેમાં વેદન છે. આવા વેદનપૂર્વક આત્માને જાણ્યો તે સાચું જ્ઞાન છે, ને તેને જ સાચા આત્માની શ્રદ્ધા હોય છે. જેને જાણે તેની શ્રદ્ધા કરી શકે; વસ્તુને જાણ્યા વગર શ્રદ્ધા કોની? જાણેલાનું જ શ્રદ્ધાન હોય,–એમ કહેવાથી કાંઈ શ્રદ્ધાની કિંમત ઘટી જતી નથી. આત્મવસ્તુ પરભાવથી જુદી, કેવી અને કેવડી મહાન છે, તે જ્ઞાનમાં આવે છે તે જ વખતે જ્ઞાનીને તેની શ્રદ્ધા થાય છે કે 'આ વસ્તુ હું.' અને તે જ વખતે નિર્વિકલ્પ અનુભૂતિ પણ થાય છે કે 'આ વસ્તુ હું.' અને તે જ વખતે નિર્વિકલ્પ અનુભૂતિ પણ થાય છે. આવા અનુભવજ્ઞાનને જ અહીં જ્ઞાન કહ્યું છે. આવું જ્ઞાન પૂર્વે કદી એકક્ષણ જીવે કર્યું નથી. આવા જ્ઞાન વગર કોઈ કહે કે અમને આત્માની શ્રદ્ધા થઈ ગઈ છે,–તો તેની શ્રદ્ધા તો ગધેડાના શીંગડાની શ્રદ્ધા જેવી મિથ્યા છે. આત્મા કેવો છે તે જાણ્યો જ નથી તો તે શ્રદ્ધા કોની કરી? આત્માનો અચિંત્ય ગંભીર સ્વભાવ જેવો છે તેવો જાણવામાં આવે તે જ ક્ષણે પરિણામ રાગાદિથી જુદા પાડીને, ચૈતન્યસ્વભાવમાં તન્મય થયા વગર રહે નહિ. આવા ભેદજ્ઞાન સહિત જ્ઞાન–દર્શન–ચારિત્ર પ્રગટે છે ને શુદ્ધ આત્મા સધાય છે. આ સિવાય બીજી રીતે આત્મા સધાતો નથી ને ધર્મ થતો નથી.

અહા, જ્ઞાનનું અસ્તિત્વ કેવું છે તેની જીવોને ખબર નથી. જ્ઞાનસ્વરૂપે જ પોતાનું અસ્તિત્વ છે તેને બદલે વિકલ્પમાં પોતાનું અસ્તિત્વ માને છે; પરને અને રાગાદિને જાણતાં તેમાં જ પોતાનું અસ્તિત્વ માનીને રોકાઈ ગયો, તેથી ભિન્ન જ્ઞાનનો અત્યંત મધુર ચૈતન્યસ્વાદ તેને આવતો નથી એટલે આત્મા સાચા સ્વરૂપે તેને અનુ-

ભવમાં આવતો નથી; રાગાદિ અશુદ્ધભાવરૂપે જ તે પોતાને અનુભવે છે. એવા જીવોને સાધ્ય આત્માની સિદ્ધિ થતી નથી. રાગાદિ સમસ્ત વિભાવોથી જુદું, ચેતનસ્વભાવપણે જે અનુભવાય છે તે જ હું છું–આવા ભિન્ન આત્માના અનુભવમાં તો આત્માના અનંતગુણનો સ્વાદ સમાઈ જાય છે. એવા સ્વાદથી જ્યાં આત્માને ઓળખ્યો ત્યાં જીવ પોતે પોતાના સ્વરૂપમાં નિઃશંક ઠરવાને સમર્થ થયો. એ રીતે ભેદજ્ઞાનવડે તેને સાધ્ય આત્માની સિદ્ધિ થાય છે.

જ્ઞાનના અનુભવમાં વગરનું પરનું ગમે તેટલું જાણપણું હોય–તેને જ્ઞાન કહેતા જ નથી, તેમાં જ્ઞાનનું સેવન નથી, તેમાં તો રાગાદિ પરભાવનું. સેવન છે. ભાઈ, તેં શાસ્ત્રો ભલે જાણ્યા, પણ શાસ્ત્રમાં કહેલું કે રાગથી ભિન્ન જ્ઞાન, તે જ્ઞાનનું સેવન તેં કદી કર્યું નથી, અને ત્યાં સુધી તારી શ્રદ્ધા કે આચરણ પણ સાચું થતું નથી. આત્માના જ્ઞાનનું સેવન તો રાગથી પાર છે ને શાસ્ત્રના પરલક્ષી જાણપણાથી પણ પાર છે; એ તો અંતરની અતીન્દ્રિયવસ્તુ છે. આત્માને જાણવો હોય તો અતીન્દ્રિય–પ્રત્યક્ષજ્ઞાનવડે જ જણાય છે. અતીન્દ્રિય જ્ઞાન સહિતનું શ્રદ્ધાન તે જ સમ્યગ્દર્શન છે; ને પછી જ ચારિત્રદશા હોય છે. ચારિત્રદશા જેને થઈ તે તો ભગવાન થઈ ગયો. ચારિત્રના મહિમાની જગતને ખબર નથી; ચારિત્ર પહેલાં આત્માના જ્ઞાન–શ્રદ્ધાન કેવા હોય તેની પણ જગતને ખબર નથી. આ તો આત્માને સાધવાના અંદરના અલૌકિક માર્ગ છે–જેના ફળમાં સાદિ–અનંતકાળ અનંત સુખનો અનુભવ છે.

## 卐 રાજી થા 卐

આત્માને રાજી થવું છે.

આત્મા રાજી ક્યારે થાય?

પોતે આનંદમાં આવે ત્યારે.

પોતે સ્વભાવમાં ઊતરીને અનુભવ કરે ત્યારે

આત્મા આનંદમાં આવે અને ત્યારે

તે ખરેખરો રાજી થાય.

એ સિવાય દુનિયા ભેગી થઈને

આત્માને રાજી કરી દે–એમ નથી.

જો દુનિયાના વખાણથી તું રાજી થવા જઈશ

તો તું છેતરાઈશ.

માટે, દુનિયાની દરકાર વગર તું એકલો

તારામાં રાજી થા!

અહો, મારું તત્ત્વ જ એકલું–એકલું મહા

આનંદરૂપ છે,–એમ તારા સુંદર તત્ત્વને

દેખીને તારાથી જ તું રાજી થા.

# આત્માને શાંતિનું વેદન કેમ થાય ?

[ મોરબી શહેરના પ્રવચનોમાંથી–સમયસાર ગા. ૭૩ ]

**પૂ. ગુરુદેવ રાજકોટથી ચૈત્ર સુદ એકમે મોરબી શહેર પધાર્યા; મોરબી રાજ્યના વવાણીયામાં શ્રીમદ્ રાજચંદ્રજી થયા, તેમના પ્રતાપે મોરબીના જિજ્ઞાસુઓમાં તત્ત્વના જે બીજ રોપાયા,-તેને પૂ. ગુરુદેવ દ્વારા પોષણ મળ્યું. મોરબીની જિજ્ઞાસુ જનતાએ સંપ્રદાયભેદ ભૂલીને સત્યઆત્માની જિજ્ઞાસાપૂર્વક ચૈત્ર સુદ એકમથી ચાર દિવસ સુધી ગુરુદેવના પ્રવચનોનો ઉત્સાહથી લાભ લીધો. આપણા આત્મધર્મના સંપાદક પણ આ મોરબીના જ છે. ચૈત્ર સુદ બીજે જિનમંદિરની ૧૯મી વર્ષગાંઠ નિમિત્તે ગુરુદેવના મંગલહસ્તે જિનમંદિર ઉપર ધર્મધ્વજનું આરોહણ થયું તથા ભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી; અને પૂ. બેનશ્રી બેને અદભુત ભક્તિ કરાવી. અહીં ગુરુદેવના પ્રવચનોની મંગલપ્રસાદી આપી છે.**

જ્ઞાન આનંદનો અંશ પણ પુણ્ય–પાપમાં નથી. જેમ પાણીમાં સેવાળ તે તેનું સ્વરૂપ નથી, સ્વચ્છ પાણી સેવાળથી જુદું છે, તેમ સ્વચ્છ ચૈતન્યજળનો સમુદ્ર આત્મા, તેના અનુભવમાં પુણ્ય–પાપરૂપી સેવાળ નથી.

વિકલ્પના સાધનથી મોક્ષનું સાધન જુદી જાતનું છે. વિકલ્પ અને જ્ઞાનની જાત જ જુદી છે. અરે જીવ! આ શરીરના રજકણો તો ફૂ થઈને ક્યાંય ઊડી જશે? તારું ચૈતન્યતત્ત્વ એનાથી તદ્ન જુદું છે; માટે તું ચેત! દેહબુદ્ધિ છોડીને તારું ચૈતન્યતત્ત્વ શું છે તે લક્ષમાં લે. બાપુ! ચૈતન્યના વિસ્મરણથી તું અનંત દુઃખ પામ્યો; અરે! એ દુઃખોની શી વાત! એક ભૂંડના બચ્ચાંને બાંધીને જીવતેજીવતું અગ્નિના ભઠ્ઠામાં શેકતા હતા; એના દુઃખ કરતાંય અનંતા દુઃખ જીવે અનંતવાર ભોગવ્યા. જ્ઞાનની ભિન્ન જેટલા

ભાવો છે તે બધા રાગાદિ ભાવોમાં ક્યાંય શાંતિ નથી, તેમાં તો આકુળતા છે. જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માના વેદનમાં જ શાંતિ છે. એવી શાંતિ આત્માને કેમ થાય, ને દુઃખના દાવાનળથી આત્મા કેમ છૂટે ? તે વાત આ સમયસારની ૭૩ મી ગાથામાં છેઃ–

**છું એક શુદ્ધમમત્વહીન હું જ્ઞાનદર્શન પૂર્ણ છું,**
**એમાં રહી સ્થિત લીન એમાં શીઘ્ર આ સૌ ક્ષય કરું.**

શિષ્યને પ્રશ્ન એવો ઉઠયો છે કે પ્રભો ! દુઃખદાયક એવા અજ્ઞાનમય શુભાશુભ આસ્રવોથી આ આત્મા કેમ છૂટે ને આનંદનું વેદન કેમ થાય ? અરે, દુઃખથી છૂટવાનો આવો પ્રશ્ન પણ કોઈક વિરલા જીવોને જ ઊઠે છે. એવા જીવને આચાર્યદેવ તેની વિધિ સમજાવે છે. ભગવાનના સમવસરણમાં જઈને કુંદકુંદભગવાન અમારા માટે આ અનુભવનું ભાતું લાવ્યા છે; મોક્ષને માટે સર્વજ્ઞભગવાનનો સન્દેશ આ સમયસારમાં છે.

હે આત્મા ! તું પહેલાં તારા આત્માનો નિર્ણય કર. હું આત્મા રાગથી પાર મારા જ્ઞાનના સ્વસંવેદનથી અનુભવમાં આવું તેવો છું. આવો નિર્ણય કરવો તે ચૈતન્ય પાતાળમાંથી આનંદના પાણી કાઢવાની રીત છે. અહા, આવા ચિદાનંદ આત્માની વાત પ્રેમથી જે સાંભળે છે તે પણ અલ્પકાળે તેનો અનુભવ કરીને મોક્ષને પામે છે. સ્વસંવેદન જ્ઞાનમાં જ પ્રત્યક્ષ થાય એવો મહાન આત્મસ્વભાવ છે, આવા સ્વભાવને રાગના વિકલ્પથી પ્રાપ્ત થવાનું માનવું તે તો કોઈ અબજોપતિને રાંકો–ભીખારી માનવા જેવું છે. અરે બાપુ ! આવડું મોટું તારું તત્ત્વ, જેના સ્વાનુભવ માટે એક વિકલ્પની પણ અપેક્ષા નથી, તેને લક્ષમાં લેતા તારો આત્મા રાગાદિ પરભાવોથી પાછો વળી જશે ને તને મહાન આનંદ પ્રગટ થશે. તારા આત્માને ઓછો માનીશ નહિ, વિકલ્પવાળો માનીશ નહિ, જ્ઞાન–દર્શન–આનંદ સ્વભાવે પૂરો તું છો. તારું સ્વરૂપ માત્ર અનુભવગમ્ય છે, વિકલ્પગમ્ય નથી.

ચૈતન્યતત્ત્વ ચમત્કારિક વસ્તુ છે, એ ચૈતન્યનો ચમત્કાર એવો અલૌકિક છે કે એનો સ્પર્શ ( અનુભવ ) થતાં જ આત્માનો અદભુત વૈભવ પ્રગટે છે ને અનાદિનું દુઃખ ટળે છે. આવા આત્માનો પહેલાં નિર્ણય કરવો. નિર્ણય કરીને અનુભવમાં સ્વસંવેદન પ્રત્યક્ષ થતાં જે આનંદ આવે, તેનું વર્ણન વચન દ્વારા થઈ શકે નહિ, વિકલ્પથી પણ તે પાર છે. સીધો અનુભવગમ્ય થાય એવો આત્મા છે.

પર તરફના ભાવોમાં જેને દુઃખ લાગ્યું હોય ને અંતરમાં સુખસ્વભાવ છે તેનું વેદન કરવા જે ઝંખતો હોય, એવા શિષ્યનો પ્રશ્ન છે કે પ્રભુ ! આ દુઃખથી હું કેમ છૂટું ? અનાદિથી હું આ દુઃખને વેદી રહ્યો છું તેનાથી હવે કેમ છૂટું ? ને અંતરમાં મારા

અતીન્દ્રીય આનંદના સ્વાદનું વેદન મને કેમ થાય? આત્માના આનંદરસના સ્વાદિયા ધર્મીસંતો પાસે જઈને શિષ્ય ઝંખનાથી પૂછે છે, તેને આચાર્યદેવ તેની રીત સમજાવે છે.

ભાઈ, જે ચીજમાંથી તારે આનંદ લેવો છે, જે ચીજ પોતે આનંદસ્વરૂપ છે એવો તારો આત્મા પોતે કોણ છે તેનો તું નિર્ણય કર, તેની ઓળખાણ કર, ને જ્ઞાનને સ્વસન્મુખ કરીને તેનું સાક્ષાત્ સ્વસંવેદન કર. જેમ છાલા–કાચલી ને રાતી છાલ ત્રણેને છોડીને અંદર સફેદ ટોપરાનો મીઠો ગોળો સ્વાદમાં આવે છે, તેમ શરીરાદિ નોકર્મરૂપી છોતાં, કર્મરૂપ કાચલી, ને રાગરૂપી રતાશ–એ ત્રણેથી પાર ચૈતન્યતત્ત્વને જ્ઞાનમાં લઈને સ્વસંવેદન કરતાં અપૂર્વ આનંદસહિત આત્માનો સ્વાદ આવે છે. જેની વાર્તા સાંભળતા, ને જેનો નિર્ણય કરતાં પણ મુમુક્ષુને આનંદ આવે એના સાક્ષાત્ અનુભવની શી વાત?

આવો અનુભવ કરનાર જીવે પહેલાં આત્માનો કેવો નિર્ણય કર્યો હતો તેનું આ વર્ણન છે. આત્મસ્વરૂપના નિર્ણયમાં જેની ભૂલ હોય તેને સાચો અનુભવ ક્યાંથી થાય? અરે, તારું ચૈતન્ય–ઝવેરાત કેવું અદ્ભુત કિંમતી છે, તેનો ચૈતન્યપ્રકાશ સદા ઉદ્યોતરૂપ કેવો છે તેનો નિર્ણય તો કર. નિર્ણય પછી તે સ્વભાવના જ્ઞાનનું ઘોલન કરતાં કરતાં વિકલ્પ છૂટી જશે ને આનંદઘન આત્માનો પ્રત્યક્ષ અનુભવ થશે. આવા આનંદનો અત્યંત પ્રચુર અનુભવ કરનારા વીતરાગી સંતોની અનુભૂતિમાંથી નીકળેલા ભાવો આ સમયસારમાં ભરેલા છે. એની એકેક ગાથામાં અલૌકિક ભાવો ભર્યા છે.

આત્મા કેવો છે? મારો આત્મા અખંડ ચૈતન્યજ્યોત, મારા સ્વસંવેદનપ્રત્યક્ષથી જ અનુભવમાં આવે એવો છે–આવા આત્માનો નિર્ણય કરે તેમાં તો બધા વિપરીત અભિપ્રાયો છૂટી જાય છે, તેમાં પુણ્ય–પાપથી જ્ઞાનની ભિન્નતા નક્કી થાય છે. પરાવલંબન ભાવ વગરનો એકલો સ્વાવલંબી ચૈતન્યભાવ લક્ષમાં લ્યે ત્યારે જ સ્વ–સંવેદનપ્રત્યક્ષ આત્માનો સાચો નિર્ણય થાય છે. જેણે આવો નિર્ણય કર્યો તેને મોક્ષ માટે સર્વજ્ઞ ભગવાનનાં કહેણ આવી ગયા. જેમ મોટા ઘરના કહેણ પાછા ઠેલાય નહિ તેમ અહીં સર્વોત્કૃષ્ટ સર્વજ્ઞ ભગવાન પાસેથી કુંદકુંદાચાર્યદેવ આત્માના અનુભવના કહેણ લાવ્યા છે, મુમુક્ષુજીવો તે પાછા ઠેલતા નથી. હોંશથી સ્વીકારીને આત્માનો અનુભવ કરે છે, ને મોક્ષલક્ષ્મીને વરે છે.–અરે, આવા તારા આત્માને જ્ઞાનમાં નક્કી તો કર...તને અંદરથી મોક્ષના ભણકાર આવી જશે. મારો પરમેશ્વર મારામાં છે, અથવા હું જ પરમેશ્વર છું.–પણ અંદર અનુભૂતિમાં એવા સ્વ–સ્વામીના ભેદ રહેતા નથી. આ હું ને આ મારો પરમેશ્વર અથવા હું પરમેશ્વર–એવા ભેદ–વિકલ્પો ચૈતન્યમાં નથી.

અરે, લોકોને બહારમાં અમેરિકા વગેરે પરદેશનો મહિમા આવે છે ને સુખ માટે ત્યાં દોડે છે;–પણ એ તો ખોટા ઝાંવા છે. અંદર અમર–આતમરામ જે અનંત ચૈતન્ય સંપત્તિથી ભરેલો સ્વદેશ છે–તેમાં સાચું સુખ છે.

આ આત્માના સ્વભાવની અપૂર્વ સૂક્ષ્મ વાત છે, તે શાંતિથી સાંભળવી. આત્માનો પૂર્ણ જ્ઞાનસ્વભાવ છે તેને લક્ષગત કરતાં અંદર અપૂર્વ શાંતિ થાય છે; એના વગર બહારમાં ને શુભાશુભ ભાવમાં જીવ ગમે તેટલા ઝાંવા નાખે તેમાં અંશમાત્ર શાંતિ નથી. પોતાનો આનંદસ્વભાવ, તેનાથી ખસીને પરભાવમાં આવ્યો ત્યારે જીવને શુભ–અશુભ રાગનું વેદન થયું, તે વેદનમાં દુઃખ છે, આકુળતા છે, તે જ્ઞાન વગરનું હોવાથી અજ્ઞાનરૂપે છે, તે જ સંસાર છે. તેનાથી નિવર્તવાની એટલે કે તેનાથી છૂટીને પોતાના આનંદસ્વરૂપમાં પ્રવૃત્તિ જીવને ક્યારે થાય ? તે અહીં બતાવે છે.

પરમાત્મા અરિહંતદેવ અને સાક્ષાત્ સંતજ્ઞાનીની બહારથી શુભરાગથી ભક્તિ જીવે અનંતવાર કરી, પણ સંસારથી તેનો છૂટકારો ન થયો ને શાંતિ તેને ન મળી; કેમકે સર્વજ્ઞનો અને સંતોનો સાચો હુકમ શું છે, તેમની સાચી આજ્ઞા શું છે, –તે જીવ કદી સમજ્યો ન હતો, સર્વજ્ઞદેવનો અને સંતોનો હુકમ–આજ્ઞા એ છે કે ભાઈ ! પહેલાંમાં પહેલાં આત્માનો જિજ્ઞાસુ થઈને, ‘હું એક અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ છું’ એમ તું તારા અંતરના સ્વસંવેદનથી નક્કી કર. આમ નક્કી કરવાથી તને તારા સ્વભાવમાં પ્રવૃત્તિ થશે અને રાગાદિ પરભાવથી નિવૃત્તિ થશે. આ જ વિધિથી તારા જન્મ–મરણનો અંત આવશે ને તને પરમ આનંદની પ્રાપ્તિ થશે. બાપુ ! આ જ સીધો સરળ ને સર્વોત્કૃષ્ટ માર્ગ છે, આ એક જ માર્ગ છે; આથી હળવો એટલે કે આથી વિપરીત બીજો માર્ગ માનીશ તો આ ભવદુઃખથી તારો છૂટકારો કદી નહિ થાય. સમાજ આ વાત સમજે કે ન સમજે, પણ ભાઈ ! તું તારા હિત માટે આ સમજી લે;–આત્માના હિતનો માર્ગ તો આ જ છે.

મોક્ષાર્થી જીવે કેવા આત્માનો નિર્ણય કરવો–તેની આ વાત છે. આત્માના હિતની જેને કામના છે, જેને ભવના દુઃખનો ત્રાસ છે, ને સંસારની ( પુણ્ય–પાપની ) અભિલાષા જેને નથી,–

**નો ’ય પૂજાદિની જો કામના રે...**

**–હોય વ્હાલું અંતર ભવદુઃખ...**

આવા જિજ્ઞાસુ જીવે કેવા આત્મસ્વરૂપનો નિર્ણય કરવો તેની આ વાત છે. પ્રભુ, પરમ આનંદના નિધાન તારામાં છે, તેને નિર્ણયમાં લે. જાણનાર સ્વભાવવાળું કોણ છે તેને લક્ષમાં તો લે.

જેમ સતી સ્ત્રી, તે બીજાના મીંઢોળ બાંધે નહિ, તેમ ધર્માત્મા સંત, ચૈતન્યનાથ સિવાય બીજાના પ્રેમના મીંઢોળ બાંધે નહિ. ધર્મી કહે છે કે–

**અમને લગની રે લાગી ચૈતન્યનાથની**
**પરણી મારા ચૈતન્યનાથની સાથ,**
**હવે રાગનાં મીંઢોળ નહીં બાંધું;**

ચૈતન્યના પ્રેમની લગની લાગી, ને તેની શ્રદ્ધાનાં મીંઢોળ બાંધ્યા, હવે અમને રાગનો પ્રેમ હોય નહિ, રાગની લગની હોય નહીં. આવા પ્રેમથી આત્માને નિર્ણયમાં લઈને ધર્મીએ તેનો કેવો અનુભવ કર્યો–તેનું આ સમયસારમાં વર્ણન છે.

અહો, આ સમયસાર અધ્યાત્મશાસ્ત્ર તો ચૈતન્યને જગાડનારું છે.

આનંદસ્વરૂપ ભગવાન આત્મા, તેના સંગે જીવને રાગ થાય નહિ. આવા સ્વભાવનો સંગ (અનુભવ) કર્યા વગર પરની ને રાગની મમતા મટે નહિ ને નિર્મમતા થાય નહીં. જ્ઞાન અને રાગની એક જાત નથી. જ્ઞાન તો રાગથી ઊર્ધ્વ છે...જાુદું રહીને તેને જાણે છે; ને રાગનો નાશ થવા છતાં રાગ વગર જ્ઞાન તો ટકી રહે છે; એવો ઊર્ધ્વ–જ્ઞાનસ્વભાવી આત્મા છે. આવા જ્ઞાનસ્વભાવનો જે સ્વામી થઈને પરિણમ્યો તે હવે રાગનો સ્વામી કેમ થાય? અરે, રાગ તે કાંઈ આનંદના માર્ગ હોય? આનંદ અને તે પણ અનંતકાળ ટકે એવો આનંદ, તેનું કારણ પણ એવું જ મહાન હોયને! રાગથી પાર એવું જે જ્ઞાનનું સ્વસંવેદન–તે જ પરમઆનંદની પ્રાપ્તિનો માર્ગ છે. ગણધર–મુનીંદ્ર, ઇન્દ્રો–મોટા રાજાઓ વગેરેની સભામાં ભગવાન મહાવીરે આવો માર્ગ બતાવ્યો હતો, અને અત્યારે વિદેહમાં સીમંધર ભગવાન પણ સો ઇન્દ્રોની સભા વચ્ચે આવો જ માર્ગ બતાવી રહ્યા છે. ત્યાંથી સાક્ષાત્ સીધો સાંભળીને કુંદકુંદાચાર્યદેવે આ સમયસારમાં તે જ માર્ગ બતાવ્યો છે. આ વાતની સાક્ષી છે, એ વાત નજરે જોનારા જીવો છે. જગતના મહાન ભાગ્યે અત્યારે આ વાત બહાર આવી છે.

અરે ભાઈ! પુણ્ય તે કાંઈ તારી ચીજ છે? તું તો જ્ઞાન છો...જ્ઞાયકભાવ જ આત્માનું સ્વ છે ને તેનો જ સ્વામી આત્મા છે. ધર્મીએ જીવ–અજીવને અત્યંત ભિન્ન જાણ્યા છે. અજીવનો સ્વામી અજીવ હોય, અજીવનો સ્વામી જીવ ન. હોય. જીવ પોતાના જ્ઞાનસ્વભાવનો સ્વામી છે. જ્ઞાયકભાવ જ હું છું ને તેનાથી ભિન્ન રાગાદિ કોઈ પણ પરભાવનો પરિગ્રહ મને નથી, તેનો સ્વામી હું નથી.–આવા ભેદજ્ઞાનમાં ધર્મીને સાચું નિર્મમત્વ છે. તેને જ સ્વદ્રવ્યનું ગ્રહણ ને પરદ્રવ્યનો ત્યાગ છે. શ્રીમદ્ રાજચંદ્રજી ટૂંકા શબ્દોમાં સરસ રહસ્ય સમજાવે છે કે–હે જીવ!

**સ્વદ્રવ્યનું ત્વરાથી ગ્રહણ કર.**
**પરદ્રવ્યનું ગ્રહણ ત્વરાથી છોડ.**
**સ્વદ્રવ્યમાં ત્વરાથી રમણતા કર.**
**પરદ્રવ્યમાં રમણતાને ત્વરાથી છોડ.**
**સ્વદ્રવ્યનો ત્વરાથી રક્ષક થા.**
**પરદ્રવ્યની રક્ષકતા ત્વરાથી છોડ.**

જુઓ, આમાં સ્વ–પરનું અત્યંત ભેદજ્ઞાન કરાવીને શ્રીમદ્‌રાજચંદ્રજીએ આત્માની પ્રાપ્તિની ને આસ્રવોથી છૂટવાની રીત ટૂંકમાં બતાવી છે. આત્માની પ્રાપ્તિની રીત સંતોએ જાણી છે ને જાતે અનુભવી છે તે જ બતાવી છે; તેને હે જીવ! તું ગ્રહણ કરીને નિર્ણય કર.

સંતો કહે છે કે આત્મા એક છે; પોતે પોતાને સ્વસંવેદનથી પ્રત્યક્ષ થાય એવો છે. વિકલ્પોની અશુદ્ધ ક્રિયાથી પાર શુદ્ધ છે. આવા તત્ત્વના નિર્ણયના સંસ્કાર પહેલેથી હોવા જોઈએ.

અરે, ધર્મી માતા તો બાળકને ઘોડીયામાં હુલરાવતાં હુલરાવતાં ગાતી હતી કે બેટા! તું શુદ્ધ છો, તું બુદ્ધ છો, તું ચિદાનંદ છો, તું જગતથી ઉદાસીન નિર્વિકલ્પ છો. અધ્યાત્મના આવા ઉત્તમ સંસ્કાર તે ભારતની મહાન વિદ્યા છે. લોકોને અમેરિકા વગેરે પરદેશની વિદ્યાની કિંમત લાગે છે પણ ભારતની આ મૂળ અધ્યાત્મવિદ્યા મોક્ષનું કારણ છે, તેને લોકો ભૂલી રહ્યા છે. પણ આ અધ્યાત્મવિદ્યા વગર કદી સાચી શાંતિ કે સુખ મળવાનું નથી. આ તારી પોતાની ચીજ તારામાં છે, તે જ સંતોએ બતાવી છે. અનંત ગુણના અંશનું જેમા વેદન થાય એવું તો સમ્યક્‌ત્વ છે. અનંતગુણ એકરસ થઈને આનંદ અનુભવાય ત્યારે સમ્યક્‌ત્વ થાય. આત્મા આવી અદ્‌ભૂત વસ્તુ છે, એના અનુભવ વગર શાસ્ત્ર ભણતર પણ તારી શકે તેમ નથી. જેણે સ્વાનુભવ વડે સમયકત્વ પ્રગટ કર્યું તે મિથ્યાત્વના બોજાથી છૂટીને, હળવી તૂંબડીની જેમ તરતો થઈ ગયો, તે હવે સંસાર–સમુદ્રમાં ડુબે નહિ. તે પોતે નિઃશંક થઈ ગયો કે આ આત્મા હવે મોક્ષને સાધી રહ્યો છે, હવે આ આત્મા સંસારમાં ડુબવાનો નથી....નથી.

જેમ કોઈ શાહુકારને કોઈ દેવાળીયો કહે–તો તેને શંકા ન પડે; તે તો નિઃશંક છે. –દુનિયા ભલે દેવાળીયો કહે, પણ મારી મૂડી મારી પાસે પડી છે, તે હું જાણું છું. તેમ અંતરના સ્વાનુભવી જ્ઞાનીધર્માત્માને કોઈ ગમે તેવો કહે પણ તે તો નિઃશંક છે કે અરે, દુનિયા ગમે તે બોલે, દુનિયાની નજર કેટલી? મારા અંદરના ચૈતન્યનિધાનને મેં મારા સ્વાનુભવથી દેખ્યા છે, મારા નિધાન મારી પાસે, મારામાં જ પડયા છે. દુનિયાની

નજરે ન દેખાય તેથી શું? મારા અંદરના મહા ગુપ્ત ચૈતન્યનિધાન મને તો સ્વાનુભવ ગોચર પ્રત્યક્ષ થયા છે. હું સામાન્ય–વિશેષથી પરિપૂર્ણ ચૈતન્યસ્વભાવી છું. મારા સ્વભાવથી હું પૂરો જ છું.

ભાઈ! જેણે પોતાના જ્ઞાનમાં ત્રણલોક–ત્રણકાળને જાણ્યા એવા સર્વજ્ઞ પરમાત્માનો આ સન્દેશ છે, તારા હિત માટેનું કહેણ છે કે આત્મા એક શુદ્ધ જ્ઞાનાનંદે પરિપૂર્ણ છું એમ સ્વસન્મુખ થઈને તું નિર્ણય કર; પ્રથમ જ આવા આત્માનો રસ ઊડી જાય છે, જ્ઞાનને પરભાવોથી ભિન્ન પાડે ત્યારે જ તેમાં આત્માના સ્વભાવનો નિર્ણય થાય છે. આવો નિર્ણય કરીને જીવ સ્વાનુભવ કરે ત્યારે પરભાવોથી તે નિવૃત્ત થાય છે, એની જ્ઞાનચેતના પરભાવથી રહિત થઈને આત્માના શુદ્ધસ્વરૂપનું સંચેતન કરે છે. આવા જ્ઞાનમાં કર્તા–કર્મ–કરણ વગેરે સંબંધી વિકલ્પો પણ નથી, અભેદ અનુભૂતિસ્વરૂપ આત્મામાં કોઈ ભંગભેદ નથી, આવા અનુભવમાં આત્મા એક જ્ઞાયકભાવપણે જ ભાસે છે. આવો આત્મા અમે જાણ્યો છે–અનુભવ્યો છે અને તે જ તને નક્કી કરવાનું તથા અનુભવવાનું કહીએ છીએ,–એમ વીતરાગી સન્તોનું કહેણ છે; અને આવા અનુભવમાં ચૈતન્યના આનંદ રસનાં વહેણ છે. અહા! ચૈતન્યની આવી મજાની વાત...એને લક્ષમાં લેવી તે પણ મહાન પાત્રતા હોય ત્યારે થાય છે. મારા ચૈતન્યની અનુભૂતિમાં રાગનો–વિકલ્પનો એક અંશ પણ નથી–આવો અપૂર્વ નિર્ણય કરીને જીવ તેનો અનુભવ કરે છે. આવો નિર્ણય પણ જે ન કરે, ને રાગના અંશને પણ જ્ઞાનમાં ભેળવે તો તેને રાગથી ભિન્ન શુદ્ધ–એક–ચૈતન્યતત્ત્વનો અનુભવ ક્યાંથી થાય? એને તો રાગમાં મમત્વ છે, તેથી રાગથી જુદા જ્ઞાનને તે અનુભવતો નથી. અહીં તો નિર્ણય કરીને ધર્મીજીવે કેવો અનુભવ કર્યો તેની વાત છે. આત્માના સ્વભાવનો સમ્યક્ નિર્ણય જે કરે તે રાગાદિ આસ્રવોને જરૂર છોડે છે, રાગના અંશને પણ તે પકડતો નથી; સમસ્ત રાગાદિથી નિવૃત્ત થઈને તે જીવ જ્ઞાનસ્વભાવમાં પ્રવર્તે છે.–આ આસ્રવોથી છૂટવાની ને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ કરવાની રીત છે. જ્ઞાનસ્વભાવી આત્મા એક, તેને સમસ્ત પરદ્રવ્યોથી ભિન્નતા છે, અને પરના આશ્રયે થતા સમસ્ત પરભાવોથી પણ ભિન્નતા છે; નિર્મળ પરિણતિના ભેદ પણ તેમાં રહેતા નથી. નિર્મળ પરિણતિ થઈને આસ્રવો છૂટયા, પણ ત્યાં હું કર્તા ને પર્યાય કાર્ય–એવા ભેદની વૃત્તિનું ઉત્થાન નથી, ત્યાં તો વિકલ્પથી પાર ચૈતન્યની એકતાના આનંદની અનુભૂતિ છે. અરેરે, પ્રભુતાથી ભરેલા જીવને રાગવાળો અનુભવવો તે તો રંકપણું છે. ચૈતન્યતત્ત્વ રાગાદિભાવોથી રહિત હોવા છતાં અજ્ઞાનને

લીધે જીવ તેને રાગાદિથી સહિત અનુભવે છે, આવો અશુદ્ધ અનુભવ તે જ ભવચક્રનું બીજ છે. ને પરભાવોથી અલિપ્ત ચિદાનંદ તત્ત્વનો અનુભવ તે મોક્ષનું બીજ છે. અરે, આવો મનુષ્ય અવતાર પામીને પણ જો ભવચક્રના ફેરા મટે એવો ઉપાય જીવ ન કરે તો મનુષ્યપણું મળ્યું શા કામનું? માટે હે ભાઈ! જગતની પ્રશંસા કે નિંદાની અપેક્ષા છોડીને, તું તારા શુદ્ધ સ્વભાવનો એવો નિર્ણય કર કે તેનો અનુભવ થાય ને ભવચક્રના ફેરા મટી જાય.

[મોરબીમાં ગુરુદેવ ચાર દિવસ રહ્યા; ત્યારબાદ ચૈત્ર સુદ છઠ્ઠે મોરબીથી જામનગર પધાર્યા. જ્યારે આપ આ આત્મધર્મ વાંચતા હશો ત્યારે પૂ. ગુરુદેવ વાંકાનેર બિરાજતા હશે ને ચૈત્ર સુદ તેરસે મહાવીર ભગવાનનો અદ્ભુત મહિમા સમજાવીને તેમનો માર્ગ બતાવતા હશે.]

## વિરલો

પ્રશ્નઃ–આપ આત્માના સ્વભાવને આશ્રિત જે મોક્ષમાર્ગ કહો છો, એવો સ્વાશ્રિત, રાગ વગરનો મોક્ષમાર્ગ સાધનારા જીવો તો કોઈક વિરલા જ હોય!

ઉત્તરઃ–ભાઈ, સ્વાશ્રિત–મોક્ષમાર્ગ સાધનારા જીવો ભલે વિરલ હોય, પણ જે કોઈ મોક્ષમાર્ગ સાધનારા વિરલ જીવો છે તે બધાય આવા સ્વાશ્રિત ભાવથી જ મોક્ષમાર્ગને સાધે છે, ને બીજા કોઈ પરાશ્રિતભાવથી મોક્ષમાર્ગ સધાતો નથી–એમ સમ્યક્ મોક્ષમાર્ગનો તું નિર્ણય કર. મુમુક્ષુઓને મોક્ષને માટે આ એક જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી.

સમ્યક્ માર્ગને સાધનારા જીવો વિરલા હોય–તેથી કાંઈ એનાથી વિપરીત અન્ય માર્ગ તો ન મનાય; ઊલટું તે માર્ગનો વધારે મહિમા લાવીને તેને આદરવો જોઈએ. માટે સ્વાશ્રિતમાર્ગને ઓળખીને તે માર્ગને આદર...તે માર્ગે જા...એટલે તું પણ મોક્ષને સાધનારા વિરલાઓમાંનો એક હીરલો બની જઈશ. દુનિયા સામે જોઈને બેસી ન રહે કેમકે–

**બહુ લોક જ્ઞાનગુણે રહિત, આ પદ નહિ પામી શકે;**
**રે, ગ્રહણ કર તું નિયત આ જો કર્મ-મોક્ષેચ્છા તને.**

# અરિહંત ભગવાનની સાચી સ્તુતિ કરનાર ધર્માત્માની અલૌકિક દશાનું વર્ણન

[ જામનગર શહેરના પ્રવચનમાંથીઃ સમયસાર ગા. ૩૧ ]

ચૈત્ર સુદ છઠ્ઠે મોરબી–જિનમંદિરમાં ‘સાચો અંતરસ્વામી આતમ દિલમાં ધ્યાવજે રે....’ એવા ભાવભીના સ્તવનદ્વારા વીરનાથની ભક્તિ કરાવીને ગુરુદેવ જામનગર પધાર્યા. ભવ્ય–ઉન્નત જિનાલયમાં વીરનાથ ભગવાનના દર્શન બાદ મંગલપ્રવચનમાં કહ્યું કે પોતાનો આત્મા મહા આનંદનો સાગર છે, તે આનંદસ્વરૂપનું અનાદિથી વિસ્મરણ હતું તેથી જીવ દુઃખી હતો; હવે તે આનંદસ્વરૂપ આત્માને જાણીને તેનું સાચું સ્મરણ કર્યું તે અપૂર્વ મંગળ છે. ત્યારબાદ બપોરથી સમયસાર ગાથા ૩૧ ઉપરના પ્રવચનો દ્વારા ગુરુદેવે અરિહંત ભગવાનની પરમાર્થ સ્તુતિનું સ્વરૂપ સમજાવ્યું.

આ સમયસારમાં સર્વજ્ઞભગવાનની વાણીનો સાર છે. તેમાં દેહ અને આત્માની ભિન્નતા સમજાવીને એમ કહ્યું કે–શરીર જડ છે તેથી તેના વર્ણન વડે તેનાથી ભિન્ન એવા આત્માનું સાચું વર્ણન થતું નથી, એટલે ભગવાનના શરીરના સ્તવનવડે ભગવાનના આત્માની સાચી સ્તુતિ થતી નથી; તેમજ શુભવિકલ્પો દ્વારા કે ઈન્દ્રિયજ્ઞાનદ્વારા પણ ચૈતન્યસ્વરૂપ આત્માનું સ્તવન થતું નથી. તો હવે અરિહંત ભગવાનના આત્માનું પરમાર્થ સ્તવન કેમ થાય? તે વાત આ ૩૧ મી ગાથામાં અલૌકિક રીતે આચાર્યદેવે સમજાવી છે. સ્વસન્મુખ થઈને જે પોતાના અતીન્દ્રિય આત્માને અનુભવે છે તે જ જીવ, શરીર–ઈન્દ્રિયો તથા રાગથી ભિન્ન જ્ઞાનસ્વભાવને અનુભવતો થકો સર્વજ્ઞ અરિહંત પરમાત્માની સાચી સ્તુતિ કરે છે. ઈન્દ્રિયોથી ભિન્ન આત્માને જે અનુભવે છે તે જ ઈન્દ્રિયોને જીતીને જિનેન્દ્રિય થાય છે. ઈન્દ્રિયોથી પોતાની ભિન્નતા જ જે જાણતો નથી ને ઈન્દ્રિયોને જ (તથા ઈન્દ્રિયજ્ઞાનને જ) પોતાનું સ્વરૂપ માને છે તે ઈન્દ્રિયોને જીતશે ક્યાંથી–ને અતીન્દ્રિયજ્ઞાનવાળા અરિહંતોને તે ઓળખશે ક્યાંથી? અરિહંતોને ઓળખ્યા વગર તેમની સાચી સ્તુતિ ક્યાંથી થાય?

અહા, અહીં તો કહે છે ભાઈ! જ્યારે તું તારા જ્ઞાનસ્વભાવની સન્મુખ થા ત્યારે જ કેવળી ભગવાનને તેં ખરેખર માન્યા કહેવાય. 'નમો અરિહંતાણં' તો ઘણા બોલે છે, પણ અરિહંત ભગવાન કેવા છે ને તેમણે બતાવેલો આત્મા કેવો છે તેને ઓળખે તો જ અપૂર્વ ભેદજ્ઞાન થાય, ને તેણે જ અરિહંતોને સાચા નમસ્કાર કર્યા કહેવાય.

જેણે આત્માને જાણ્યો છે–અનુભવ્યો છે એવા ધર્માત્માની શી સ્થિતિ હોય છે તેની આ વાત છે. જે પહેલાંમાં પહેલી કક્ષાનો ધર્મી થયો છે તેણે પોતાના આત્માને કેવો અનુભવ્યો છે તેનું આ વર્ણન છે. અહો! હું તો જ્ઞાનસ્વરૂપ આત્મા છું; ઇન્દ્રિયોથી પાર અતીન્દ્રિયજ્ઞાન મારું સ્વરૂપ છે, ને આવા જ્ઞાનમાં જ મહા–સુખ છે. શરીરરૂપ જડ ઇન્દ્રિયો, તે ઇન્દ્રિયોના અવલંબને થતું બાહ્યવિષયોનું ખંડખંડરૂપ ઇન્દ્રિયજ્ઞાન, તથા તે ઇન્દ્રિયજ્ઞાનમાં જણાતા બાહ્ય વિષયો–એ બધાથી અત્યંત જુદો, મારો ચૈતન્યસ્વભાવ–છે એમ ધર્મી અંતરમાં પોતાને અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવપણે પ્રગટ અનુભવે છે. આવી અનુભવદશા તે પ્રથમ ધર્મ છે; તે જ સર્વજ્ઞ પરમેશ્વરની પરમાર્થ સ્તુતિ છે; અને ત્યાંથી જ સાચું જૈનપણું શરૂ થાય છે.

(–વિશેષ આવતા અંકે)

'આત્મધર્મ' પોષ માસનો સંપાદકીય લેખ વાંચીને પોતાનો પ્રમોદ વ્યક્ત કરતાં શ્રી મૂલચંદભાઈ તલાટી મુંબઈથી લખે છે કે–ગ્રંથાધિરાજ સમયસારના ઘોલનના પચાસ વર્ષના સુવર્ણ મહોત્સવ સંબંધી લખાણ આત્મધર્મમાં વાંચીને અત્યંત આનંદ થયો. ખરેખર, આત્મધર્મના વાંચક મુમુક્ષુ ભાઈ–બહેનોને સમયસારમાંથી ગુરુદેવના પચાસ–પચાસ વર્ષના ઊંડા ઘોલનવડે નીકળેલું અમૃત મળી રહ્યું છે, તે અમૃતપાનનો સર્વેને માટે આ અમૂલ્ય અવસર છે. જૈનશાસનના આ અમૂલ્ય ગ્રંથના ઘોલન દ્વારા અશરીરી શુદ્ધાત્માની અનુભૂતિનો સમ્યક્માર્ગ પ્રાપ્ત થાય છે. આ માટે આપણે ગુરુદેવના સાચા ઋણી છીએ. સમયસારની સુવર્ણ જયંતિ પ્રસંગે અભિવાદન!

# હે જીવ ! આવા ચૈતન્યતત્ત્વનો અનુભવ કર,
# -કે જેમાં કોઈ પણ પરભાવોનો પ્રવેશ નથી;
# એનો અનુભવ કરતાં જ મોક્ષસુખ
# તને પોતામાં જ દેખાશે.

[મોટા આંકડિયા કે જ્યાંથી ૨૮ વર્ષ પહેલાં આ "આત્મધર્મ" માસિકના પ્રકાશનનો પ્રારંભ થયો હતો, ત્યાં ફાગણ સુદ છઠ્ઠનું આ પ્રવચન છે. સમયસાર કળશ ૧૧.)

આત્માનું શુદ્ધસ્વરૂપ બતાવીને આચાર્યદેવ કહે છે કે હે જગતના જીવો ! અંદર તમારો આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ છે, તેમાં અંદર પ્રવેશ કરીને તેને સમ્યક્પણે અનુભવો. આ જે શરીર દેખાય છે તે તો જડ પુદ્ગલનો પિંડ છે; રાગાદિ ભાવો છે તે પણ પરભાવો છે, તે કાંઈ ચૈતન્યના ભાવો નથી; ચૈતન્યના સ્વરૂપમાં તે રાગાદિનો પ્રવેશ નથી; રાગાદિભાવો આત્મામાં પ્રતિષ્ઠા પામતા નથી–શોભા પામતા નથી; આત્માની શોભા તે રાગાદિવડે નથી, આત્માની પ્રતિષ્ઠા–શોભા તો ચૈતન્યસ્વરૂપમાં જ છે. આવા આત્માને તમે સમ્યક્પણે અનુભવો.

ભાઈ, તારી સાચી વસ્તુ તો આવી ચૈતન્યમય છે, તેના અનુભવ વડે જ આનંદ થાય તેમ છે. રાગનો અનુભવ કરીકરીને તું અનાદિથી દુઃખી થઈ રહ્યો છો.–

**કહે મહાત્મા, સુણ આત્મા, કહું વાતમાં વીતક ખરી;**
**સંસારસાગર દુઃખભર્યામાં અવતર્યો કર્મે કરી.**

આત્માને ભૂલીને તું આ દુઃખભર્યા સંસારમાં અસહ્યદુઃખ ભોગવી રહ્યો છો. ચૈતન્યનું સુખ ચૂકીને તું પરચીજમાં સુખ માનીને તેમાં જ મોહી રહ્યો છો. બાપુ ! હવે આ સંસારના દુઃખથી છૂટવા તું આત્માની ઓળખાણ કર.

ધર્મીજીવ પોતાના આત્મા સિવાય, સંસારની બીજી કોઈ ચીજ માંગતા નથી.

મારું ચૈતન્યતત્ત્વ રાગથી પાર છે, તેનો અનુભવ કરતાં ચૈતન્યમાંથી અમૃતના નિધાન ઝરે છે, એમાં કોઈ બીજાનો પ્રવેશ નથી.–આવું તત્ત્વ જ હું છું. મારું બીજું કાંઈ નથી.

અહા, એકવાર પરભાવથી જુદો પડીને તું તારા આત્માનો અનુભવ તો કરી જો, તું ન્યાલ થઈ જઈશ. અજ્ઞાનભાવે પોતાની ચૈતન્યવસ્તુનો જ નકાર કરીને અજ્ઞાની જીવો મોટી ભાવહિંસા કરે છે, તે ભાવમરણ છે. તેનાથી છોડાવવા સંતો કરુણાથી કહે છે કે હે ભાઈ! આ શરીર તો રજકણોનું બનેલું છે ને તે રાખ થઈને ધૂળમાં રખડશે; તે કાંઈ તું તથી. તું તો અવિનાશી ચૈતન્યતત્ત્વ છો. તું ઈન્દ્રિયોથી પાર અતીન્દ્રિયસ્વરૂપ છો. અરે, તારી મહાન લક્ષ્મીને ચુકીને તું રાગાદિવડે કે સંયોગવડે મોટાઈ લેવા માગે છે તો તું ગરીબ–ભીખારી છો. બીજા પાસે ભીખ કોણ માંગે? જે ગરીબ હોય તે. જે આત્મા પોતાના સુખને માટે પરવસ્તુની ઇચ્છા કરે છે (–પછી એક પાઈ માંગતો હોય કે કરોડો રૂપિયા માંગતો હોય) તે ભીખારી છે. ને જે પોતે પોતાના સુખસ્વભાવને અનુભવે છે, કોઈ પણ પરચીજને ઇચ્છતો નથી, તે મોટો ચૈતન્ય વૈભવસંપન્ન મહારાજા છે.

મારી ચૈતન્યવસ્તુમાં રાગ પણ નથી, ત્યાં પરવસ્તુ કેવી? હું પોતે જ ભગવાન, જગતમાં સર્વશ્રેષ્ઠ ચૈતન્યરાજા છું. આવા સમ્યક્સ્વભાવી આત્માનો અનુભવ કરો. અનંત જીવો આવો અનુભવ કરીકરીને મોક્ષે સીધાવ્યા છે. માટે, કઠણ સમજીને તું આ વાત કાઢી ન નાંખીશ; કઠણ લાગે કે સહેલું લાગે, પણ આ રીત અને આ ઉપાયવડે આત્માના સાચા સ્વભાવનો અનુભવ કર્યે જ આ ભવદુઃખથી છૂટકારો થાય તેમ છે; બીજો તો કોઈ દુઃખથી છૂટવાનો ઉપાય નથી. શુભ–અશુભ જે કાંઈ ઉપાય કર તે બધાય સુખને માટે વ્યર્થ છે, અનાદિથી તે કરવા છતાં કિંચિત્ સુખ તેનાથી ન મળ્યું; સાચો ઉપાય તેનાથી જુદો છે. રાગથી જુદો, જેમાં રાગનો પ્રવેશ નથી, રાગવડે જેને જાણી શકાતો નથી, જે પોતે પોતાના જ્ઞાનગમ્ય છે, –એવા આત્માને જાણીને તેનો અનુભવ કરતાં તને મહા આનંદ થશે.

ભાઈ, તું જો કે રાગાદિ વૃત્તિઓનું વલણ તો બહાર જાય છે, ને જ્ઞાન તો રાગથી જુદું અંતર્મુખ વેદાય છે. આવા જ્ઞાનનું વેદન રાગ વગરનું છે. તેનો અનુભવ કરીને હે જીવ તું ચૈતન્યના આનંદની લહેરમાં આવ. સંસારના સંકલ્પની જાળમાંથી બહાર આવીને એકવાર તો નિર્વિકલ્પ થઈને તારા આનંદમય તત્ત્વને દેખ! તારા સ્વસંવેદનમાં કોઈ પરભાવ આવતા નથી. કોઈ રાગની, કોઈ વિકલ્પની એવી તાકાત નથી

કે તારા ચૈતન્ય સાથે એકમેક થઈને રહે. એ વિકલ્પો તારા ચૈતન્યભાવથી જુદા ને જુદા, બહાર જ રહે છે. આવા ચૈતન્યસ્વરૂપ તું છો. રાગનો આધાર કાંઈ તારું ચૈતન્યતત્ત્વ નથી. તારા ચૈતન્યતત્ત્વના આધારે કાંઈ રાગની–સંસારની ઉત્પત્તિ થાય નહિ, ચૈતન્યના આધારે તો વીતરાગી આનંદનો અનુભવ થાય છે. એકવાર અંદરમાં ઊંડો ઊતરીને આવો અનુભવ કરી જો...તને મોક્ષનું પરમ સુખ તારામાં જ દેખાશે.

[ ગુરુદેવ આંકડિયા પધારતાં જનતાએ ઉમંગથી લાભ લીધો હતો. રળિયામણું જિનમંદિર ભક્તજનોથી ઊભરાઈ ગયું હતું.; આનંદપૂર્વક શાંતિનાથ ભગવાન વગેરે ભગવંતોના દર્શન–પૂજન–ભક્તિ–કર્યાં; ગુરુદેવના સુહસ્તે સ્વસ્તિક કરાવીને જિનમંદિર ઉપર નવો ધ્વજ ચડાવ્યો. આંકડિયાથી સંધ્યા સમયે ગીરનારના મનોહર દર્શન થાય છે. ફાગણ સુદ સાતમે આંકડિયા મંદિરમાં ઉપર બિરાજમાન શાંતિનાથ ભગવાનની મનોહર પ્રતિમાની પ્રતિષ્ઠાને પચીસમું વર્ષ બેઠું. ]

## -: ભગવાનનો સીધો સન્દેશ :-

મને જે આ શુદ્ધઆત્માના સ્વસંવેદનરૂપ અનુભૂતિ થઈ તે હુ જ છું. પર્યાય અંદર ગઈ ને શુદ્ધસ્વરૂપનો આનંદમય અનુભવ થયો, તે હું જ છું. તે અનુભૂતિથી જુદો આત્મા નથી. સમ્યગ્દર્શન આવા અનુભવપૂર્વક થાય છે.

આવી અનુભૂતિ કરવી તે ભગવાનનો સીધો સંદેશ છે. આવી અનુભૂતિ કરી ત્યારે સાચો આત્મા દ્રષ્ટિમાં-જ્ઞાનમાં-અનુભવમાં આવ્યો, ને તેણે ભગવાનનો સીધો સંદેશ ઝીલ્યો. આવી અનુભૂતિ વગર આત્મા લક્ષગત થતો નથી, ને આત્મા લક્ષગત થયા વગર ભગવાનના સંદેશને સમજ્યો કેમ કહેવાય? જેણે આત્માની આવી અનુભૂતિ કરી તેણે ભગવાનના સંદેશને, ભગવાનના ઉપદેશને, જિનશાસનને જાણ્યું.

વાહ! અનુભુતિમાં જે ગંભીર તત્ત્વ-આવ્યું તે હું જ છું; અનંતગુણની શુદ્ધતાનું વેદન એકસાથે તે અનુભૂતિમાં સમાય છે. ચૈતન્યરાજા પોતાના અનંત ગુણના વૈભવસહિત સ્વાનુભૂતિમાં શોભે છે.

શિષ્યને આત્માની અનુભૂતિ સિવાય બીજી કોઈ અભિલાષા નથી. શ્રીગુરુએ આવો સરસ, મોટો આત્મા કહ્યો તે આત્માનો અનુભવ કેમ થાય-એ એક જ ધગશ છે, અને એની રીત સંતો બતાવે છે.

# એક હતો સિંહ; એક હતો વાંદરો



[ એક વાંદરો મૂરખ, અને એક સિંહ મૂરખ; એક વાંદરો વિચક્ષણ, અને એક સિંહ વિચક્ષણ; એ સંબંધી બોધકથા આપે ગતાંકમાં વાંચી. મૂરખ સિંહ અને વાંદરો તો શરીરની છાયાને જ પોતાનું સ્વરૂપ માનીને અજ્ઞાનથી દુઃખી થયા; અને વિચક્ષણ સિંહ તથા વાંદરાએ તો છાયાથી ભિન્ન પોતાના અસલી સ્વરૂપને જાણ્યું ને સુખી થયા. આ રીતે અસલી સ્વરૂપનું જ્ઞાન તે સુખી થવાનો ઉપાય છે. અને નકલી ( ઉપાધિરૂપ ) ભાવોને સાચું સ્વરૂપ માનવારૂપ અજ્ઞાન તે દુઃખનું કારણ છે આ સંબંધી ૪૦ જેટલા લેખો આવેલા; તેમાંથી કેટલાંક લેખોનું દોહન ગતાંકમાં આપેલું, બાકીનાં લેખોનો સાર અહીં આપવામાં આવે છે. આ લેખો જિજ્ઞાસુઓને ખૂબ ગમ્યા છે. ]

* એક જિજ્ઞાસુ લખે છે કે જેમ છાયાને પોતાની માનનારા જીવો દુઃખી થયા, તેમ રાગાદિ પરભાવો કે જેઓ ચૈતન્યની છાયા જેવા છે પણ અસલી ચૈતન્યસ્વરૂપ નથી, તે સ્વરૂપે પોતાને માનનારા જીવો અજ્ઞાનથી દુઃખી થાય છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં એ વાત કરી છે કે જીવનો સ્વભાવ રાગાદિ પરભાવોથી રહિત હોવા છતાં તેનાથી સહિત માનવો અશુદ્ધ માન્યતા જ સંસારદુઃખનું બીજ છે; અને તે પરભાવરૂપી છાયાથી રહિત શુદ્ધજીવને અનુભવવો તે મોક્ષના મહાસુખનું બીજ છે.

* મુંબઈના એક બહેન લખે છે :–વાંદરાની છાયા ઉપર તરાપ મારતાં સિંહને કાંઈ પ્રાપ્ત ન થયું, પછી જ્યાં 'ઊંચી દૃષ્ટિ' કરીને ઝાડ ઉપર વાંદરાને જોયો ત્યાં તેને ભાન થયું કે અરે, મારે જે વસ્તુને પ્રાપ્ત કરવી છે તે તો 'ઊંચી' છે, આ છાયાથી તે વસ્તુ દૂર છે–જુદી છે. સાચી વસ્તુથી દૂર રહીને હું પ્રાપ્તિનો ઉદ્યમ કરું તે ક્યાંથી પ્રાપ્ત થાય ? તેમ સુખથી ભરપૂર એવી ચૈતન્યવસ્તુ અંતરમાં છે; તેને બદલે પરભાવો અને સંયોગો–કે જેઓ છાયા જેવા છે, ચૈતન્યથી જુદા છે–દૂર છે, તેની સામે જોયે સત્ય ચૈતન્યવસ્તુ પ્રાપ્ત થતી નથી. પણ ઊંચી દૃષ્ટિવડે એટલે કે શુદ્ધસ્વભાવની દૃષ્ટિવડે જ સાચી ચૈતન્યવસ્તુ પ્રાપ્ત થાય છે. વસ્તુથી દૂર રહીને તેની પ્રાપ્તિ–અનુભૂતિ કેમ થાય ? માટે હે જીવ ! તું પરથી લક્ષ હટાવીને તારી સ્વવસ્તુમાં લક્ષને જોડ તો તને અપૂર્વ ચૈતન્યવસ્તુના આનંદનો અનુભવ તારામાં જ થશે.

જેમ પડછાયાને પકડવાથી મૂળવસ્તુ મળતી નથી, તેમ જડની ક્રિયાને કે રાગને પકડવાથી ચૈતન્યવસ્તુ પ્રાપ્ત થતી નથી. ચૈતન્યની સન્મુખતાથી જ ચૈતન્યની પ્રાપ્તિ થાય છે. જે ચૈતન્યની જાત હોય તેના વડે જ ચૈતન્યની પ્રાપ્તિ થાય; જે ચૈતન્યની જાત ન હોય તેના વડે ચૈતન્યની પ્રાપ્તિ ન થાય.

છાયાને વાંદરો સમજીને સિંહે તો તેના ફરતા આંટા મારીને તેને પકડવા પ્રયત્ન કર્યો; તે આંટા મારી–મારીને થાક્યો પણ એના હાથમાં કાંઈ ન આવ્યું. ક્યાંથી આવે ? સાચી વસ્તુ તો ત્યાં છે નહીં. જો ઊર્ધ્વદૃષ્ટિ કરે તો સાચી વસ્તુ દેખાય. અધોદૃષ્ટિમાં સાચી વસ્તુ દેખાતી નથી, માત્ર તેની છાયા દેખાય છે,–વિભાવ દેખાય છે. તેમ રાગ છે તે કાંઈ ચૈતન્ય નથી, તે તો ચૈતન્યની છાયા છે; તે રાગથી પાર એવી ઊર્ધ્વદૃષ્ટિ વડે સાચી ચૈતન્યવસ્તુ દેખાય છે, ને સાચી વસ્તુને દેખતાં જ જીવને પરમતૃપ્તિ–શાંતિ–આનંદ થાય છે.

* જેમ વાર્તાનો સિંહ એ જંગલનો રાજા છે, તેમ હે જીવ ! તું ત્રણલોકમાં સૌથી મહાન એવો ચૈતન્યરાજા છો. સિંહરાજા પોતાનું સાચું સ્વરૂપ ભૂલ્યો ને છાયાને પોતાનું સ્વરૂપ માન્યું તેથી તે કુવામાં પડીને દુઃખી થયો. તેમ ચૈતન્યમૂર્તિ સિદ્ધરાજા પોતાનું સાચું સ્વરૂપ ભૂલ્યો ને રાગાદિ પરભાવોરૂપ છાયાને પોતાનું સ્વરૂપ માનીને ભવના કુવામાં પડયો હતો. પણ જ્યાં પોતાના સાચા સ્વરૂપનું તેને ભાન થાય છે ત્યાં સિંહ જેવા પોતાના ચૈતન્ય પરાક્રમની સ્ફુરણા વડે કેવળજ્ઞાન પ્રગટ કરીને તે ત્રણલોકનો રાજા થાય છે; પોતાના અદ્‌ભુત ચૈતન્યનિધિ આત્મવૈભવનો સ્વામી થઈને ત્રણલોકમાં સૌથી શ્રેષ્ઠપણે તે સિદ્ધરાજા શોભે છે. જીવ પોતાનું સાચું સ્વરૂપ સમજતાં સિંહરાજમાંથી સિદ્ધરાજ બની જાય છે, પશુમાંથી પરમાત્મા બની જાય છે.

# * ચૈતન્યરસની મધુર ચર્ચા *

## [ સૌને ગમે એવા વિવિધ વચનામૃત ]

❀ હે વિચારવંત! દુઃખથી ભરેલા આ સંસારમાં જો તું સુખને ચાહે છે તો ચૈતન્ય સુખથી ભરેલા આત્માની પરમપ્રીતિ કરીને તેમાં તારી બુદ્ધિ જોડ....તેમાં તને એવું અજોડ સુખ અનુભવાશે કે જેમાં દુઃખનો લવલેશ નથી.

❀ એકવાર અંદર ઊતરીને જો તો ખરો....સંસારમાં કદી તેં ન જોયું હોય, ન ચાખ્યું હોય, એવું કોઈ અચિંત્ય સુખ તને તારામાં અનુભવાશે; અનંતકાળની તારી અશાંતિનો અંત આવી જશે ને આત્માની પરમ શાંતિનો તને સ્વાદ આવશે.

❀ જ્ઞાનીઓ તેને જ ડાહ્યા કહે છે કે જે પોતાની બુદ્ધિ આત્મામાં જોડે. મહા આનંદમય પોતાની સ્વવસ્તુને દેખાવી તે જ સાચું ડહાપણ છે. પોતાની વસ્તુને જે ન દેખે, ને બહારમાં બુદ્ધિ ભમાવીને દુઃખી થાય એને તે ડાહ્યો કોણ કહે?

❀ અહા, જ્ઞાન–આનંદથી ભરેલા ચૈતન્યનું અસ્તિત્વ એટલું મોટું મહાન છે, કે તેમાંથી પ્રગટેલી શાંતિના એક અંશની પણ તૂલના ત્રણલોકનો વૈભવ કરી ન શકે. ત્રણલોકની બાહ્ય–વિભૂતિ ભેગી થાય તોપણ ચૈતન્યની શાંતિનો અંશ તે આપી ન શકે, આવી શાંતિનો આખો દરિયો ચૈતન્યના મહાન અસ્તિત્વમાં ભર્યો છે. એકલી શાંતિ નહિ, એવા એવા તો અનંત ગુણના દરિયા આત્માના અસ્તિત્વમાં સમાય છે. અરે, આવડા મોટા પોતાના અસ્તિત્વને તૂચ્છ રાગ જેટલું માનવું–એ તો કેવી ભૂલ! ભાઈ, તારા મોટા અસ્તિત્વને તું જાણ.

❀ બાપુ! આવડું મોટું તારું અસ્તિત્વ જૈનશાસનના વીતરાગી સંતો તને બતાવે છે. અંતર્મુખ બુદ્ધિવડે આવડો મોટો આત્મા પોતાને અનુભવગમ્ય થાય છે.–પણ તું જગતની રુચિ છોડીને આત્માની પરમ પ્રીતિ કર, ત્યારે તારા પરિણામ અંતર્સ્વભાવમાં વળે અને તારો આત્મા તને સાક્ષાત્ સ્વાનુભવગમ્ય થાય. અનંતા જીવો આ રીતે આત્માને સ્વાનુભવગમ્ય કરી–કરીને સિદ્ધિને પામ્યા છે, ને તારાથી પણ થઈ શકે તેવું છે.

❀ અરે, આવો સરસ મજાનો, સુખથી ભરેલો તારો આત્મા, એની રુચિ તું કેમ નથી કરતો? ને દુઃખરૂપ સંસારભોગોને તું કેમ ઇચ્છે છે? તારા સુખના ભંડારને છોડીને દુઃખના દરિયા તરફ તું કેમ દોડે છે?

❀ જ્ઞાનીએ તો અંતર્મુખ થઈને સ્વભાવનું સુખ ચાખ્યું છે, ત્યાં સંસારના કોઈ સુખની વાંછા તેને નથી. અરે, મારા ચૈતન્યસુખ પાસે સંસારનું સુખ કેવું? સંસારના રાગજનિત કોઈપણ સુખમાં ધર્મીને સુખ લાગતું જ નથી. ચૈતન્યસુખના અમૃત પાસે એ વિષયસુખો તો ઝેરી સ્વાદવાળો લાગે છે.

❀ મારો આત્મા સદા ચિદાનંદસ્વરૂપ છે–એમ મેં જાણ્યું છે તેથી હવે અન્ય કાંઈ મારે સાધ્ય નથી. મારાથી અન્ય કોઈ પણ પરદ્રવ્ય–દેખેલું કે સાંભળેલું હો, પરિચયમાં આવ્યું હો, બૂરુ હો કે ભલું હો, સંસ્કૃત હો કે વિકૃત હો, નષ્ટ હો કે ઉત્પન્ન હો, સ્થૂળ હો કે સૂક્ષ્મ હો, જડ હો કે ચેતન હો, ઇન્દ્રિયોને પ્રિય હો કે અપ્રિય હો, –તે અન્ય દ્રવ્યોથી મારે કાંઈ પણ સાધ્ય જ નથી; સદા ચિદાનંદસ્વરૂપ મારો આત્મા જ મારે સાધ્ય છે.

## અર્ધા શ્લોકમાં મુક્તિનો ઉપદેશ

‘હું ચિદ્રૂપ કેવળ શુદ્ધ આનંદરૂપ છું’–એમ સ્મરણ કરું છું–ચિંતન કરું છું,–મુક્તિ માટે સર્વજ્ઞ ભગવાનનો જે ઉપદેશ છે તે આ અર્ધા શ્લોકમાં સમાઈ જાય છે.

શુદ્ધ ચિદ્રૂપનું ચિંતન કરવું તેમાં સર્વજ્ઞદેવનો બધો ઉપદેશ સમાઈ જાય છે, તેથી કુન્દકુન્દસ્વામીએ શુદ્ધ આત્માની અનુભૂતિને સમસ્ત જિનશાસન કહ્યું છે.

## વૈરાગ્ય-સમાચાર

❀ મુંબઈના ભાઈશ્રી ચંદ્રકાન્ત હરિલાલ દોશી તા. ૭–૩–૭૨ ના રોજ મુંબઈ મુકામે હૃદય બંધ પડી જતાં એકાએક સ્વર્ગવાસ પામી ગયા. મુંબઈ મુમુક્ષુમંડળના તેઓ એક ઉત્સાહી ને ઉદાર કાર્યકર હતા; પરમાગમમંદિર વેલાસર થાય તે માટે તેમને ઘણી ભાવના હતી. સોનગઢમાં સ્વતંત્ર મકાન કરીને કેટલોક વખત તેમણે લાભ લીધો, ને વિશેષ નિવૃત્તિથી રહેવાની ભાવના હતી. સ્વર્ગવાસના બે દિવસ અગાઉ તેમને મુંબઈમાં ગુરુદેવના દર્શનનો તથા પ્રવચનનો લાભ મળતાં તેઓ ઘણા ખુશી થયા હતા, ને ગુરુદેવસમક્ષ પોતાનો પ્રમોદ તથા ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. બે દિવસ બાદ તો તેઓ સ્વર્ગવાસ પામી ગયા.

❁ રંગુનવાળા પારેખ મગનલાલ રતનશી ( ઉ. વ. ૮૩ ) અમદાવાદ મુકામે તા. ૮–૩–૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. વિહાર પહેલાં ઠેઠ સુધી સોનગઢ રહીને તેમણે ગુરુદેવના પ્રવચનોનો લાભ લીધો હતો; અને કાયમ સોનગઢ રહેવાની ભાવના હતી.

❁ રાજકોટના ભાઈશ્રી ધીરજલાલ મૂળચંદ દોશી ( ઉ. વર્ષ૮૪ ) તા. ૧૧–૧૨–૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❁ શ્રી મહાનંદવિજયજી જેતપુર મુકામે તા. ૧૪–૩–૭૨ ના રોજ સ્વર્ગવાસ પામી ગયા છે. પ્રથમ તેમણે શ્વેતાંબર દીક્ષા લીધી હતી; પણ પછી છેલ્લા કેટલાક વખતથી જિજ્ઞાસુ ભાવે સોનગઢમાં રહીને ગુરુદેવના પ્રવચનાદિનો લાભ લેતા હતા. તાજેતરમાં ગુરુદેવ જેતપુર પધાર્યા ત્યારે તેઓશ્રીના દર્શન–પ્રવચનથી પ્રસન્ન થયા હતા.

❁ રાજકોટના ભાઈશ્રી વસંતલાલ મોહનલાલ જસાણી ગત માસમાં આશરે ૪૦ વર્ષની ભરયુવાન વયે મુંબઈમુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

❁ મહુવાવાળા શાહ પુનમચંદ વનમાળીદાસ ફાગણ સુદ ૪ ના રોજ મુંબઈમુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તાજેતરમાં વિહાર વખતે સોનગઢ હતા, ને મુંબઈ પણ હંમેશ વાંચનમાં જતા હતા.

❁ દડવાવાળા ( હાલ ભાવનગર ) બચુભાઈ હરગોવિંદદાસના સુપુત્ર ભરતકુમાર માત્ર ૧૩ તેર વર્ષની વયે માહ વદ નોમના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામી ગયા છે. નાની વય છતાં દેવ–ગુરુની ભક્તિનો તેમને પ્રેમ હતો, ને સોનગઢ બોર્ડિંગમાં રહેવાની તેમને ભાવના હતી.

❁ ભાઈશ્રી વિમચલચંદજી જૈન B.E. ગીરડીહ મુકામે તા. ૧૪–૩–૭૨ના રોજ સ્વર્ગવાસ પામી ગયા છે. તેમની ઉમર ચાલીસેક વર્ષની હતી. ષટ્ખંડાગમ વગેરે સિદ્ધાંતગ્રંથોનો તેમને સારો અભ્યાસ હતો. જૈન સિદ્ધાંત અનુસાર પૃથ્વીની રચના, તથા ચંદ્ર ઉપર મનુષ્યના ગમનની અશક્યતા વગેરે બાબતમાં પણ તેમને સારો અભ્યાસ હતો. પૂ. ગુરુદેવ પ્રત્યે તેમને ભક્તિભાવ હતો અને અવારનવાર સોનગઢ પણ આવતા. આવા જૈનસિદ્ધાંતના અભ્યાસી એક ઉત્સાહી યુવાન ભરયુવાન વયે ચાલ્યા ગયા તે ખૂબ વૈરાગ્યપ્રસંગ છે. તેઓ છેલ્લા ચાર–પાંચ વર્ષથી ગંભીર બીમારીમાં હોવા છતાં પોતાની ધાર્મિક ભાવનાઓમાં દ્રઢ રહેતા હતા. જૈનધર્મના સંસ્કાર બળે આગળ વધીને તેઓ આત્મહિત સાધે–એ જ ભાવના.

**-સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવગુરુધર્મની છાયામાં આત્મહિત પામો.**

❁ **ગીરનારદર્શન** :-ફાગણ સુદ ૧૪ ના રોજ જેતપુરથી પૂ. ગુરુદેવ ગીરનારતીર્થના દર્શને પધાર્યા હતા. તળેટીના જિનમંદિરમાં ભાવભીની ભક્તિ થઈ હતી. અનેક મુમુક્ષુઓએ પણ ગીરનારદર્શનનો લાભ ગુરુદેવ સાથે લીધો હતો.

❁ **મુંબઈમાં પ્રતિષ્ઠામહોત્સવ** :-પૂ. ગુરુદેવ રાજકોટથી બે દિવસ માટે મુંબઈ ઘાટકોરપર સર્વોદય ઇસ્પિતાલ પાસે દિ. જિનમંદિરમાં સવાપાંચ ફૂટના આદિનાથ ભગવાનની પ્રતિષ્ઠાના પંચકલ્યાણક ઉત્સવ નિમિત્તે પધાર્યા હતા. બે દિવસ દરમિયાન પ્રવચનમાં આઠ-દશ હજાર શ્રોતાજનોએ ઉત્સાહથી લાભ લીધો હતો, અને સારી પ્રભાવના થઈ હતી.

❁ **જૈન વિદ્યાર્થીગૃહ : સોનગઢ**:-આ સંસ્થાના સોનગઢમાં વીસ વર્ષથી ચાલે છે. કોઈપણ જૈન વિદ્યાર્થી દાખલ થઈ શકે છે. પૂરી ફી માસિક રૂ. ૪૦ તથા અધૂરી ફી રૂ. ૨૫ છે. બોર્ડિંગના વિદ્યાર્થીઓને અવારનવાર પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનોનો લાભ પણ મળે છે. દાખલ થવા ઇચ્છનારે (જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ, સૌરાષ્ટ્ર) એ સરનામે પચીસ પૈસાની ટિકિટ મોકલીને પ્રવેશપત્ર મંગાવી લેવા, ને તા. ૨૦-૫-૭૨ સુધીમાં ભરીને મોકલી દેવા.

## "આત્મધર્મ" પત્ર સંબંધી જરૂરી માહિતી

૧. પ્રસિદ્ધિ સ્થળ:- શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ, સોનગઢ
૨. પ્રસિદ્ધિ ક્રમ:- દરેક અંગ્રેજી માસની પચીસમી તારીખ
૩. મુદ્રકનું નામ:- શ્રી મગનલાલ જૈન
૪. ક્યા દેશના:- ભારત
૫. ઠેકાણું:- અજિત મુદ્રણાલય-સોનગઢ (સૌરાષ્ટ્ર)
૬. પ્રકાશકનું નામ:- શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી
શ્રી પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર
ક્યા દેશના:- ભારત ઠેકાણું:- સોનગઢ (સૌરાષ્ટ્ર)
૭. તંત્રી - શ્રી પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર
ક્યા દેશના:- ભારત ઠેકાણું:- શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ
૮. માસિકના માલિકનું નામ:- શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ

આથી અમો જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે. તા. ૨૫-૩-૭૨

પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર, શ્રી દિ. સ્વા. મંદિર ટ્રસ્ટ વતી.

## જગતમાં સર્વત્ર સુખી

હે જ્ઞાન ! તું જગતમાં કેટલું મહાન છો ! કેટલું શાંત છો ! તને તારી શાંતિના વેદનમાં કોઈ પ્રતિબંધ કરી શકે નહીં. અહા, આવું મારું જ્ઞાન સદા મારી સાથે જ રહે ત્યાં રાગ-દ્વેષ કેવા ?

જો રાગમાં જ્ઞાનને ન ભેળવો, ને એકલા રાગને માત્ર રાગરૂપે જ જુઓ, તો તે રાગ તદ્દન અચેત, શાંતિ વગરનો, સુખ વગરનો, કાંઈ પણ કિંમત વગરનો જ દેખાય છે; આત્મા સાથે જાણે તેને કાંઈ જ સંબંધ ન હોય એટલે તે સ્પષ્ટ જુદો દેખાય છે; ને તે રાગમાં જરાય મજા આવતી નથી.

અને જ્યાં રાગને જુદો કરીને એકલા-જ્ઞાનને દેખ્યું ત્યાં તે જ્ઞાન મહાન ચૈતન્યરસથી ભરેલું, પરમશાંત, સુખી અને અચિંત્ય ગંભીર-મહિમાવાળું અનુભવાય છે. અહા, આવું જ્ઞાન તે હું,-જેમાં રાગદ્વેષનોય સ્પર્શ નહીં-ત્યાં દુનિયાના બીજા પ્રસંગોની શી વાત !

આવા જ્ઞાનતત્ત્વરૂપે પોતાની ભાવના કરનાર આત્મા આ જગતમાં સુખી છે-ધન્ય છે.

## આત્મહિતની ભાવના

જીવને આત્મહિતની ભાવના જાગે તે ઉત્તમ છે. સાધર્મીના સંગે આત્મહિતની ભાવના પુષ્ટ કર્યા કરવી. ધર્માત્માઓનું ચૈતન્યસ્પર્શી જીવન દેખીદેખીને આત્માર્થ પુષ્ટ થાય છે; તેથી આત્માર્થીને સત્સંગ અત્યંત જરૂરી છે.

બાકી જીવનમાં 'આત્માર્થભાવ' તે જ મુખ્ય વસ્તુ છે. અંતરમાં કેટલી લગની છે તેના ઉપર બધો આધાર છે. સાદાઈ બ્રહ્મચર્ય વગેરે આત્માર્થની પુષ્ટિ માટે છે....મુખ્યવસ્તુ તો અંતરનો આત્માર્થ જ છે.

મુમુક્ષુનેય જીવનમાં અનેક વિધ પ્રસંગો આવે છે. માન-અપમાન, સંયોગ-વિયોગ, વગેરે પ્રકારે અનેક કટોકટી આવતી હોય છે, તેની વચ્ચે આત્માર્થનું જોર ટકાવી રાખવું, તે મુમુક્ષુ જીવ જ કરી શકે. અને તેની પાછળ તત્ત્વના નિર્ણયનું ખૂબ જોર હોય છે. આત્મબળે મુમુક્ષુ પોતાના ધ્યેય તરફ આગળ વધ્યે જાય છે. મુમુક્ષુને ચારે અનુયોગના વીતરાગી શાસ્ત્રનો અભ્યાસ ઉપયોગી છે, તેના દ્વારા આત્મહિતની જ ભાવના પોષાય છે.

## 卐 પૂ. ગુરુદેવના વિહારનો કાર્યક્રમ 卐

મુમુક્ષુઓને ચૈતન્યના અધ્યાત્મરસનું પાન કરાવતાં-કરાવતાં પૂ. ગુરુદેવ મંગલવિહાર કરી રહ્યા છે: હવે પછીનો કાર્યક્રમ નીચે મુજબ છે–

વાંકાનેર તા. ૨૪ થી ૨૭ (ચૈ. સુદ ચેરસ તા. ૨૭મીએ મહાવીરજયંતિ તથા જિનમંદિરની વર્ષગાંઠ)

સુરેન્દ્રનગર તા. ૨૮ થી ૩૦ જોરાવરનગર તા. ૩૧ માર્ચ તથા ૧ એપ્રિલ

લીંબડી એપ્રિલ તા. ૨–૩–૪

વઢવાણ શહેર તા. ૫–૬–૭ (ચૈત્ર વદ આઠમે જિનમંદિરની વર્ષગાઠ)

અમદાવાદ તા. ૮ થી ૧૩

પાલેજ તા. ૧૪–૧૫ અધિક વૈ. સુદ ૧–૨ અમદાવાદ તા. ૧૬

દહેગામ તા. ૧૭–૧૮; રખિયાલ તા. ૧૯–૨૦

તલોદ તા. ૨૧–૨૨ એપ્રિલ; સોનાસણ તા. ૨૩ રવિવાર.

ઝીંઝવા તા. ૨૪; હિંમતનગર તા. ૨૫–૨૬, નવા તા. ૨૭

ચોરીવાડ તા. ૨૮–૨૯ રણાસણ તા. ૩૦ એપ્રિલ તથા પહેલી મે.

ફત્તેપુર મે. તા. ૨ થી ૧૬ (પ્રથમ વૈશાખ વદ ૪ થી દ્વિતીય વૈશાખ સુદ ૪ સુધી)
(વૈશાખ સુદ ત્રીજે પંચકલ્યાણક-મહોત્સવ પૂર્વક વેદી-પ્રતિષ્ઠા)
(વૈશાખ સુદ બીજ તા. ૧૪ના રોજ ગુરુદેવની જન્મજયંતિ)

બામણવાડા તા. ૧૭–૧૮ (સુ. ૫ રામપુરા-સુ. ૬ બામણવાડા-વેદીપ્રતિષ્ઠા)

ઉદેપુર તા. ૧૯ થી ૨૨ (સ્વાધ્યાયભવન ઉદ્‌ઘાટન)

કુરાવડ તા. ૨૩–૨૪ (સ્વાધ્યાયભવન ઉદ્ઘાટન)

મંદસોર તા. ૨૫ થી ૨૮ પ્રતાપગઢ તા. ૨૯ થી ૧ જુન

રતલામ તા. ૨–૩ ઈન્દોર તા. ૪–૫–૬–૭

મુંબઈ તા. ૮ ભાવનગર તા. ૯–૧૦–૧૧–૧૨

સોનગઢ તા. ૧૩ જૂન મંગળવાર

પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ. સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૦૦૦
મુદ્રક : મગનલાલ જૈન અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) ફાગણ : (૩૪૨)